Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

Granthamala Office, Khar Gate, BHAVNAGAR

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४–माघ आत्म सं. २२. } अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ પ્રાર્થના... ... ... | ૧૫૧ | ૫ | વીતરાગ પ્રણીત પવિત્ર ધર્મ-માર્ગ | ૧૬૮ |
| ૨ | વાંચનદ્વારા શિક્ષણ ... ... | ૧૫૨ | ૬ | જૈન કોમ ... ... ... | ૧૭૦ |
| ૩ | આપણી જૈનોની વર્તમાન સ્થિતિ અને કર્તવ્ય ... ... ... | ૧૫૯ | ૭ | વર્તમાન સમાચાર ... ... | ૧૭૨ |
| ૪ | પંન્યાસજીમહારાજશ્રી દાનવિજયજીનું ભાષણ ... ... ... | ૧૬૭ | ૮ | મુંબઇથી મુનિવિહાર ... . | ૧૭૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## હાલમાં પ્રસિદ્ધ થયેલ સંસ્કૃત ગ્રંથો.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે જેમાં નંબર ૩-૪-૭-૮-૯-૧૦ જેમાં કે પુરતી દ્રવ્યની સહાય મળેલ હોવાથી મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના છે. તેમજ નંબર ૧-૨-૫-૬ માં દ્રવ્યની અર્ધ સહાય મળવાથી મુનિમહારાજ તથા જ્ઞાનભંડારને માટે મંગાવનારને મુદ્દલ કિંમતથી અડધી કિંમતે આપવામાં આવશે, અને નંબર ૧૧ ઐતિહાસિક ગ્રંથ હોવાથી અગાઉ માસિકમાં જણાવ્યા પ્રમાણે કિંમતથી આપવામાં આવશે. પોસ્ટેજ જુદું.

મુનિમહારાજાઓને નમ્રવિનંતિ છે કે તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂદ્વારા કોઇપણ શ્રાવકના નામે પુસ્તકો મંગાવવા કૃપા કરવી, જેથી ઉપર જણાવ્યા પ્રમાણે પોસ્ટેજના પૈસાના વી. પી. થી મોકલવામાં આવશે. જ્ઞાનભંડારના કાર્યવાહકોએ પ્રથમ મુજબ મંગાવવા તસ્દી લેવી. મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના ગ્રંથો પૈકી વધારો રહેશે તો તે ગ્રંથો જ્ઞાનખાતું હોવાથી નીચેની કિંમતે વેચાણ આપવામાં આવશે.

હાલમાં યુરોપમાં ચાલતી લડાઇને લીધે છાપવાના કાગળોની અતિ મોંઘવારી અને છપાવવાનો દર વધી ગએલ છતાં પુસ્તકોની કિંમતમાં બીલકુલ વધારો કરેલ નથી પરંતુ સાહિત્યનો ફેલાવો વધારે કેમ થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી કિંમત ઘણીજ ઓછી રાખવામાં આવેલ છે જે ગ્રંથો જોવાથી માલુમ પડશે.

## ગ્રંથોનાં નામ.

૧ સુકૃત સંકીર્તન મહાકાવ્ય સી. ડી. દલાલ લેખિત ઇંગ્લીશ પ્રસ્તાવના સાથે. ૦-૩-૦

| | | | |
|---|---|---|---|
| ૨ સામાચારી પ્રકરણ સટીક. | ૦-૪-૦ | ૩ કુમારપાળ ચરિત્ર. | ૦-૮-૦ |
| ૪ મહાવીર ચરિત્ર પ્રાકૃત. | ૦-૧૩-૦ | ૫ કૌમુદીમિત્રાણંદ નાટક. | ૦-૩-૦ |
| ૬ પ્રબુદ્ધ રૌહિણેય નાટક. | ૦-૨-૦ | ૭ ધર્માભ્યુદય નાટક-સૂક્તમુક્તાવલી | ૦-૪-૦ |
| ૮ પંચનિર્ગ્રંથી તથા પ્રજ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી સટીક. | ૦-૪-૦ | ૯ રત્નશેખરી કથા પ્રાકૃત. | ૦-૪-૦ |
| ૧૦ દાનપ્રદીપ. | ૧-૧૨-૦ | ૧૧ પ્રાચીન જૈન લેખસંગ્રહ (પ્રથમ ભાગ) | ૦-૮-૦ |

## છપાતા ગ્રંથો.

૧ શ્રાદ્ધવિધિ.
૨ ષડ્દર્શન સમુચ્ચય. } શેઠ જીવણભાઇ જેચંદ તરફથી.
૩ પંચસંગ્રહ. શેઠ રતનજી વીરજી તરફથી. ૪ શ્રી બૃહત્ સંઘયણિ.
૫ સત્તરિસય ઠાણ. શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૬ સુમુખનૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૭ ચૈત્યવંદન મહાભાષ્ય. ૮ ધર્મપરીક્ષા. જામનગરવાળી બાઇ મણી ત.
૯ જૈન મેઘદૂત સટીક. ૧૦ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૧૧ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ ૧૨ દ્રૌપદી સ્વયંવર નાટક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક. ૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક. ૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपातपीडितेन तदपनयनाय हेयोपादेयपदार्थ परिज्ञानेयत्नो विधेयः ॥

पुस्तक १५ ] वीर संवत् २४४४, माघ, आत्म संवत् २२. [ अंक ७ मो.


## मनुष्य जीवननुं रहस्य प्राप्त करवा प्रभु प्रार्थना.

( ગઝલ—કવ્વાલી. )

જીવનના હેતુઓ જાણી, સદા સમભાવથી રહેવા;
ઉચિત કર્તવ્ય દષ્ટિથી, વિશુદ્ધિ માર્ગ સંચરવા. ૧
કરી નિષ્કામ કર્મોને, અધર્મો દૂર કરવાને;
ભયાશંકા વિકારાદિ, થકી મુક્તિ સજાવાને. ૨
અચળ સંકલ્પને ધારી, ધરી સ્થિરતા અડગપણથી;
સદા એ આત્મ ભાવોને, સ્મરણ કરવા પ્રતિપળથી. ૩
પ્રભુ પ્રીતિતણા રંગો તણી, ઉજ્જવળ પ્રભા ધરવા;
મલિનતા ક્લાંતિ ગ્લાનિથી, જીવનને સદ્ય ઉદ્ધરવા. ૪
અમોને અર્પજો બળ એ, વિભો ! આત્મિક ખજાનાથી;
અખૂટ છે આપ સાન્નિધ્યે, લહો આશિષ બાળકની. ૫

ફતેહચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાંચનદ્વારા શિક્ષણ.

( ગતાંક પૃષ્ઠ ૧૩૪ થી શરૂ. )

( ૨ )

( લે૦-વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.—ભાવનગર. )

ઘણા લોકો એમ માનતા હોય છે કે જો તેઓ નિરંતર વાંચવાનું ચાલુ રાખે, જો તેઓ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે કોઈ પણ ચોપડી વાંચે, તો તેઓ જરૂર સર્વ વિષયમાં કુશળ અને સર્વ શાસ્ત્રપારંગત થઈ શકે, આ માન્યતા ભૂલ ભરેલી છે, જો તેઓ આમ વાંચવાથી સર્વપારંગત થવાની આશા રાખે તો હરવખત ગમે તે ખોરાકનો પદાર્થ આરોગવાથી મલ્લ બનવાની આશા રાખી શકે. વાંચન કરતાં મનન ઘણો અગત્યનો વિષય છે. જેમ ખાધેલા અન્નને પાચનની જરૂર છે તેમ વાંચેલ બાબત પર મનનની સંપૂર્ણ જરૂર છે. કેટલાક મૂઢમતિ લોકો નિરંતર વાંચતા અને પોતાની જાતને નિરંતર જ્ઞાનથી ઠાંસોઠાસ ભરતાં હમેશાં જોવામાં આવે છે, પણ તેઓ કદી મનન કરતા જોવામાં આવતા નથી. તેઓને થોડો ઘણો આરામનો વખત પ્રાપ્ત થાય છે કે તરત જ તેઓ ગમે તે પુસ્તક હાથમાં લઇ વાંચવા લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ જ્ઞાન આરોગે છે પરંતુ તેને પચાવવાનો કદી યત્ન કરતા નથી.

ઘણા માણસોને વાંચવાની એવી ટેવ પડી હોય છે કે તેઓ કદી હાથમાં કોઇ પણ પુસ્તક, કોઈ માસિક અથા વર્તમાનપત્ર વગરના હોતા નથી. તેઓ ઘરમાં, ગાડીમાં, બહાર, ફરવા જતા જ્યાં ત્યાં વાંચતા અને વિશાલ જ્ઞાન મેળવતા નજરે પડે છે. જ્ઞાન સંપાદન કરવા તરફ તેઓને અત્યંત પ્રેમની લાગણી હોય છે અને તોપણ મગજ પર આ પ્રમાણે હમેશાં ભાર પડવાથી તેઓની માનસિક શક્તિ નિર્બળ થઈ ગયેલી જણાય છે.

પ્રત્યેક અભ્યાસીએ અને વાંચકે આંગ્લકવિ મિલ્ટનની નિમ્નલિખિત લીંટીઓ સ્મરણપટમાં કોતરી રાખવી જોઇએ.

Who reads.
Incessantly, and to his reading brings not
A spirit and judgement equal or superior,
Uncertain and unsettled still remains,
Deep versed in books and shallow in himself,
Crude or intoxicate, collecting toys

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



And trifles for choice matters, worth a sponge,
As children gathering pebbles on the shore.

**ભાવાર્થ:**—જે માણસ નિરંતર વાંચે છે પણ પોતાના વાંચનથી સમાન અથવા શ્રેષ્ટ જ્ઞાન મેળવતો નથી તે હમેશા અચોકસ અને અવ્યવસ્થિત રહે છે; તે પુસ્તકોની મોટી સંખ્યા વાંચે તોપણ પોતે તો અપૂર્ણ જ રહે છે. જેવી રીતે નાનાં બાળકો દરીયાકિનારેથી નકામા પથરાઓ એકઠા કરે છે તે પ્રમાણે તેઓ ઉત્તમ બાબતો ગ્રહણ કરવાને બદલે નકામી વસ્તુઓનો સંગ્રહ કરે છે.

અંગ્રેજી ભાષાનો મહાન શબ્દકોષ રચનાર મી. વેબસ્ટર જ્યારે નાની ઉમરનો હતો ત્યારે પુસ્તકો એટલા બધા જુજ અને કીમતી હતા કે તેને કદિ સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે તેઓ માત્ર એકજ વખત વાંચવાના છે. પણ તેણે એવો નિશ્ચયાત્મક વિચાર કર્યો હતો કે પુસ્તકો જીંદગીજ હોવા જોઇએ અથવા જ્યાં સુધી તેઓ જીવનના એક અંશરૂપ બને નહિ ત્યાં સુધી પુનઃ પુનઃ વાંચવા જોઇએ.

એક સ્રી લેખક કહે છે કે—"આપણે જોઇએ તે કરતાં વધારે પ્રમાણમાં વાંચવાથી એક પ્રકારની ભૂલ કરીએ છીએ. મને માનવાને કારણ મળે છે કે મેં વાંચ્યું તેનાથી અર્ધ પ્રમાણમાં વાંચ્યું હોત તો વધારે બુદ્ધિમાન અને પ્રતિભાશાળી થઇ શકત અને મારી માનસિક શક્તિને વધારે મજબૂત બનાવી શકત અને કેળવી શકત."

જે પુરૂષો શાંત જીવન વહન કરે છે તેઓને વિક્ષેપ કરવાની સત્તાઓ આડે આવતી નથી જેથી તેઓ વધારે સારી રીતે વાંચી શકે છે અને વિચાર કરવામાં વધારે ઉંડા ઉતરી શકે છે. તેઓનું વાંચનક્ષેત્ર વિશાળ હોતું નથી પરંતુ તેઓ વાંચન કળામાં વધારે પ્રવીણ અને બાહોશ હોય છે. જેવી રીતે શરાણ પર ચઢાવવાને છરી, સુડી આદિ વસ્તુઓ લઈ જવામાં આવે છે તેવી રીતે આપણા મનને કોઇ પણ વિષયના વાંચન અથવા અભ્યાસમાં લઇ જવું જોઈએ. શરાણમાંથી આપણને જે કંઈ મળે છે તે માટે આપણે સુડી અથવા છરીને તે પર ચઢાવતા નથી, પરંતુ તેની અણી તીક્ષ્ણ બને તે હેતુથીજ આપણે તેમ કરીએ છીએ. આપણે જે પુસ્તકો વાંચીએ છીએ તેમાંથી જે કંઇ યાદ રાખીએ છીએ તેને વાંચનના લાભ તરીકે ગણવામાં આવતું નથી. પણ આપણે તેઓની ચારિત્ર્ય બંધારણની શક્તિમાંથી શું ગ્રહણ કરીએ છીએ તેજ મોટામાં મોટો લાભ છે. જીવન રસાયન અને જીવનના વિકાસમાં ઉપયોગી સર્વ વસ્તુઓ પુસ્તકાલયમાં નથી પરંતુ તમારા પોતામાં, સ્વમાનની લાગણીમાં અને કરેલ કર્તવ્યના અભિજ્ઞાનમાં છે.

સારૂં પુસ્તક વાંચવું એ ઉત્તમ વાત છે. સારૂં જીવન વહન કરવું એ તના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં પણ ઉત્તમ વસ્તુ છે. અને આવું જીવન વહન કરવાથીજ વૃદ્ધત્વને પણ અટકાવે એવી શક્તિ ઉત્પન્ન થાય છે. વિદ્યા અથવા જ્ઞાનની પ્રાપ્તિ મનુષ્યો વચ્ચેના ભેદની તુલના કરવાનું ધોરણ નથી. માત્ર જ્ઞાનની પ્રાપ્તિ એજ શક્તિની પ્રાપ્તિ છે, એમ માની શકાય નહિ. જે જ્ઞાન તમારા પોતાના એક અંશરૂપ બન્યું નથી તે જ્ઞાન કટાકટીને પ્રસંગે ભાગ્યેજ ઉપયોગી થઇ શકે છે અને તમને સંકટમાંથી ભાગ્યેજ બચાવી શકે છે. વધારે અસરકારક શબ્દોમાં કહીએ તો જેમ જેમ માણસ આગળ પ્રગતિ કરે છે તેમ તેમ કેળવણીને તેણે પોતાનો અંશ બનાવવી જોઇએ. પોતાના એક અંશરૂપ બનેલી સ્વલ્પ વ્યવહારિક કેળવણી દુનિયામાં ઉપયોગમાં ન આવી શકે એવા જ્ઞાન કરતાં વધારે લાભો સિદ્ધ કરી શકે છે.

મનુષ્યોપર પુસ્તકો શું અસર કરે છે અને પોતાના પુસ્તકોની સહાયથી એક વિચારક શું કાર્ય કરે છે તેને માટે સુપ્રસિદ્ધ રાજનીતિજ્ઞ મી. ગ્લેડસ્ટન કરતાં વધારે શિષ્ટ દૃષ્ટાંત મળવું અશકય છે. ગ્લેડસ્ટન પોતાની કારકીર્દી કરતાં ઘણે દરજ્જે મહાન હતો એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી. તેને માનસિક વિકાસને માટે ખાસ પ્રેમ હતો. તેની વિલક્ષણ નૈસર્ગિક બક્ષીસોના પ્રભાવે તે ઓકસફર્ડ અથવા કેમ્બ્રીજના વિશ્વવિદ્યાલયમાં મહાન અધ્યાપકની પદવી શોભાવી શકયો હોત પરંતુ સંજોગો તેને રાજનીતિના ક્ષેત્રમાં લઇ ગયા જયાં તે તરતજ પોતાના સંજોગોને અનુરૂપ થઇ વર્ત્યો, તેનું વાંચન સર્વપક્ષી અને વિશાળ હતું અને તેણે પુસ્તકાલયો દ્વારાજ પોતાનો માર્ગ શોધ્યો હતો અને સરલ બનાવ્યો હતો.

વાંચનથી આપણે જે આનંદ અને આશ્વાસન પ્રાપ્ત કરીએ છીએ તે વાંચન પરના પ્રેમનો બીજો મહાન લાભ છે. આપણી આસપાસની નિરાશાજનક, દુ:ખદ, અને ઉદ્વેગકર વસ્તુઓની સત્તામાંથી છટકી જઇ આનંદ, સૌન્દર્ય અને ઉત્સાહની સૃષ્ટિ તરફ યથેચ્છ વિહરવું એ અનવધિ આનંદનો વિષય છે. કોઇ માણસ દુ:ખથી પીડાતો હોય, વ્યાધિથી ગ્રસ્ત હોય અથવા કોઇ આર્થિક નુકશાનીથી હતાશ થઇ ગયો હોય તો મનને તેની અસલ સ્થિતિએ લાવવાનો સૌથી અકસીર અને તાત્કાલિક ઉપાય મનને ઉત્સાહ પ્રેરક, વિદ્વતાપૂર્ણ વાતાવરણમાં દોરી જવું એજ છે. અને આવું વાતાવરણ ઉત્તમ કોટિના પુસ્તકો સિવાય અન્યત્ર અપ્રાપ્ય છે.

આપણે એવા ઘણા માણસોને જોઇએ છીએ કે જેઓ માનસિક વ્યથાથી પીડાતા હોય, જેઓના મનની સ્થિતિ કોઇ ભારે નુકશાનીથી અથવા શોકના આઘાતથી તદ્દન ફરી ગઇ હોય આવા લોકોની માનસિક સ્થિતિમાં કોઇ સારા પુસ્તકમાં લીન થવાથી મહાન પરિવર્તન થઇ જાય છે. હમેશાં બારીઓમાંથી ચોતરફ જોતાં, અસ્વસ્થ અને અસંતુષ્ટ ચિત્તથી જ્યાં ત્યાં ભટકતાં, શું કરવું અને વખત કેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાળવો તેની મુંઝવણમાં અનેક વૃદ્ધ માણસો આપણી દૃષ્ટિએ પડે છે; કારણ કે તેઓએ પોતાના જીવિતના આ ભાગને માટે બિલ્કુલ તૈયારી કરી હોતી નથી. તેઓએ પોતાનું બળ, પોતાની મહેચ્છાઓ આદિ સર્વસ્વ પોતાના ધંધામાંજ પરોવી દઇ વાપરી નાંખ્યું હોય છે. એક વૃદ્ધ ગૃહસ્થ ઘણોજ પ્રવૃત્તિશીલ ધંધો વહન કરતો હતો. તેનુ જીવન અતિશય પ્રવૃત્તિ પરાયણ હતું છતાં પણ દુનિયામાં જે કંઇ બનતું તે સઘળાથી તે વાકેફ રહેતો. અને તેને પરિણામે અત્યારે પોતાનું નિવૃત્તિ જીવન તે એક બાળકની પેઠે સુખ અને સંતોષથી ગાળે છે. આનું કારણ એજ કે યુવાવસ્થામાં પ્રવૃત્તિપરાયણ હોવા છતાં તેનું વાંચન ઘણુંજ વિશાળ હતું. જે લોકો પોતાની માનસિક શક્તિને એકજ દિશામાં એકી વખતે અત્યંત લાંબા સમય સુધી રોકી રાખે છે તેઓનું માનસિક બળ ક્રમે ક્રમે ક્ષીણ થતું જાય છે. અને માનસિક સ્થિતિ સ્થાપકત્વ નષ્ટ પ્રાયઃ થતું જાય છે.

પરિશ્રમ પછી આરામ તથા શાંતિ આપવાની એકજ બાબતમાં પુસ્તકો પોતે હેતુરૂપ બને છે. જ્યારે કલ્પના સૃષ્ટિમાં દુનિયાની આધિ-ઉપાધિઓને વિસરી જવાનો, મનને ઉન્નત અને તાજું બનાવવાનો હેતુ હોય છે ત્યારે પુસ્તકો માત્ર સાધન કરતાં વધારે કાર્ય બજાવે છે. ત્યાં તેઓ પોતેજ હેતુરૂપ છે. પુસ્તકો માણસમાં નવીન ઉત્સાહ, નવું ચૈતન્ય અને નવું બળ રેડે છે. શારીરિક અથવા માનસિક કાર્યથી શ્રાન્ત થયેલો માણસ કોઇ મહાન્ ગ્રંથકર્ત્તાના પુસ્તકને હાથમાં લે છે કે તરત તે આ પૃથ્વીતલથી ઉચ્ચપદે જાય છે અને નવી સૃષ્ટિમાં પ્રવેશ કરે છે. જ્યાં તેને સર્વ આધિ-ઉપાધિનું વિસ્મરણ થાય છે, તેના અવયવોને સંપૂર્ણ આરામ મળે છે. અને અકથ્ય સુખ અને નવીન ચૈતન્ય પ્રાપ્ત કરી આ પૃથ્વીતલ પર પાછો આવે છે.

સારાં પુસ્તકોનો ચાહનાર કદાપિ એકલો હોઇ શકે જ નહિં. પોતાના કાર્યમાંથી નિવૃત્ત થાય ત્યારે ગમે તે સ્થળે, ગમે તે સ્થિતિમાં આનંદદાયક અને લાભકારક ધંધો (પુસ્તકોનું વાંચન) મેળવી શકે છે. અને સર્વોત્તમ મિત્રોની મંડળીનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

દરેક માણસ મુદ્રણકળાને અત્યંત આભારી છે કે જે દ્વારા સુપ્રસિદ્ધ ગ્રંથકારો અને લેખકો પોતાના ઉત્તમ વિચારો અને આદર્શો આપણા આગળ રજુ કરી શક્યા છે. મહાન્ પુરૂષોની સાથે રૂબરૂમાં વાર્ત્તાલાપ કરતાં તેઓના પુસ્તકો અને લેખો દ્વારા તેઓની સાથે વાર્ત્તાલાપ કરવામાં કેટલાક વધારે લાભોની પ્રાપ્તિ થાય છે. તેઓના પુસ્તકોમાં આપણને તેઓના જીવન સંબંધી ઉત્તમ બાબતો જ માલુમ પડે છે. જેથી તેઓની પ્રતિકૂળ વિચિત્રતાઓ, તેઓના દોષો અને સ્વભાવસિદ્ધ વિલક્ષણતાઓ આપણા જાણવામાં કે જોવામાં આવતી નથી. પુસ્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમાં તો તેઓના સંબંધી જે સર્વ સારૂં હોય છે તેજ આપણા જોવા-માં અને જાણવામાં આવે છે. કારણ કે પુસ્તકોમાં તો તેઓના પસંદ કરેલા શ્રેષ્ટ વિચારો જ પ્રકાશમાં મુકાયા હોય છે. પુસ્તકમિત્રો આપણી સેવામાં હમેશાં હાજર હોય છે. તેઓ આપણને કદિ ઉપદ્રવ અથવા પીડા કરતા નથી. તેમજ કોઇ પ્રકારનું કષ્ટ આપતા નથી, આપણે ગમે તેટલા કંટાળી ગયા હોઇએ અથવા નિરાશ થઇ ગયા હોઇએ તો પણ પુસ્તકમિત્રો હમેશાં આપણને શાંતિ અને વિશ્રાંતિ આપે છે, ઉત્તેજીત કરે છે, ઉત્સાહ પ્રેરે છે અને ઉત્કર્ષનો માર્ગ સૂચવે છે.

કદાચ આપણને નિદ્રા ન આવતી હોય ત્યારે મધ્યરાત્રિના સમયમાં આપણે મહાન ગ્રંથકાર અથવા લેખકને બોલાવીએ છીએ તો તે તરત જ અનુકૂળ કે પ્રતિ-કૂળ સમયનો વિચાર કર્યા વગર આપણી સાથે રહેવાને ખુશી હોય છે. સાહિત્યના મહાન ક્ષેત્રના કોઇપણ ખુણામાંથી આપણો બહિષ્કાર કરવામાં આવ્યો નથી, મર-જીમાં આવે તે સમયે, સભ્યતાના કોઇપણ નિયમો પાળવાની અથવા સારો પોશાક ધારણ કરવાની આવશ્યક્તા વગર અને સમય અગાઉથી નિયત કર્યા વગર આપણે સુપ્રસિદ્ધ વિદ્વદ્રત્નોની મુલાકાત લઇ શકીએ છીએ. આગમચથી ખબર આપ્યા વગર આપણે મિલ્ટનને, સેક્સપીઅરને, ઇમર્સનને, લૉંગફૅલોને અથવા બીજા કોઈપણ સુવિખ્યાત કવિ અથા લેખકને બોલાવી શકીએ છીએ અને તેઓ તરફથી અપ્રતિમ માન મેળવવા ભાગ્યશાળી થઇએ છીએ.

કોઈપણ જાતની ઓળખાણ પડાવવાની જરૂરીયાત વગર અને અપમાનની લેશ પણ ભીતિ વગર પુસ્તકાલયમાંના મિત્રો પાસે તમે જાઓ. તે મોટા સમૂહમાંથી તમારી ઇચ્છાનુસાર મિત્રોને પસંદ કરો, કેમકે તે મૂકભાવધારી અમર આત્માઓમાં અભિમાન-અહંત્વનો અંશ નથી પણ તેમાં રહેલા ઉચ્ચતમ આત્માઓ અત્યંત નમ્રતાપૂર્વક ઉચ્ચ વા નીચ ગમે તે કોટિના પ્રત્યેક વ્યક્તિની સેવામાં હાજર છે. તમારી ઉચ્ચતા અથવા નીચતાના બિલ્કુલ વિચાર વગર તમે કોઇપણ પુ-સ્તકમિત્ર સાથે છૂટથી વાત કરી શકો છો. કેમકે તે મિત્રો કોઇ જાતના અવિવેકથી કોઈની લાગણી દુઃખાવતા નથી તેમ જ મન દુભાવતા નથી.

અસંખ્ય પુસ્તકો વાંચવાથી કોઇ માણસ વિદ્વાન અને બુદ્ધિવાન બની જાય છે એમ નથી, પણ તેણે જેના પર ઉંડા અભ્યાસથી આધિપત્ય મેળવ્યું હોય છે તેવા શ્રેષ્ટ પુસ્તકોની નાની સંખ્યા માણસને પ્રતિભાશાળી બનાવે છે, જેથી કરીને તેની અંદર રહેલો દરેક કિંમતી વિચાર પરિચિત મિત્રની ગરજ સારે છે. પુસ્તકોનું પુનઃ પુનઃ વાંચન પ્રતિદિન વધતા આનંદથી થાય છે ત્યારેજ તેઓ હૃદયના ઉંડામાં ઉંડા પ્રદેશમાં ઉતરે છે-હૃદય સાથે સંયુક્ત બને છે અને આપણી સંપત્તિમાં વા વિપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તિમાં, કીર્તિમાં વા અપકીર્તિમાં, ઉત્કર્ષમાં વા અપકર્ષમાં એક સરખી રીતે વર્તનારા જુના ગાઢ પરિચિત મિત્રોરૂપે આપણા પાસે રહે છે. માત્ર એક બે વખત વાંચવાથી કોઇપણ મનુષ્ય કોઇ સુંદર કાવ્ય મહાન ઇતિહાસ, રસિક નવલ કથા અથવા ઉત્તમ નિબંધોને પુસ્તકના હાર્દમાં ઉતરી શકતો નથી. તેણે પોતાની સ્મરણ શક્તિના ખજાનામાં તે પુસ્તકમાંના અમૂલ્ય વિચારો અને દ્રષ્ટાંતો ભરવા જોઇએ અને પછી નિવૃત્તિના સમયમાં તેના પરિપક્વ વિચારો કરવા જોઇએ, મિત્રો આવે છે અને અમુક વખત આનંદ આપી ચાલ્યા જાય છે. પરંતુ પુસ્તકો નિરંતર સાથે રહેનાર મિત્ર છે અને બધા કલાકોમાં આનંદ આપનારા છે. આંગ્લકવિ ગોલ્ડસ્મિથ વારંવાર કહે તો કે “ કોઇપણ પુસ્તક પહેલીજવાર વાંચતાં મને લાગતું કે મે એક નવો મિત્ર પ્રાપ્ત કર્યો છે અને પ્રથમ વાંચેલ પુસ્તક જ્યારે હું ફરી વાંચતો ત્યારે પરિચિત જુના મિત્રને મળતા જે આનંદ થાય તેવો અસીમ આનંદ થતો. ”

જો પવિત્ર લેખકો પોતાના પુસ્તકો રૂપે તમારા ગૃહમાં પ્રવેશ કરી નિવાસ કરવા આવે, જો તમારા પાસે સ્વર્ગની કવિતા ગાવાને મિલ્ટન કવિ આવે અને કલ્પના સૃષ્ટિ તેમજ માનુષી હૃદયના કાર્યો પ્રકટ કરવાને શેકસપીયર કવિ આવે તો તમારી ગરીબ યા તવંગર સ્થિતિનો ખ્યાલ રાખ્યા વગર તેઓને માન આપવા તૈયાર રહો. તમારા ઘરમાં ધનવાનો આવે છે કે નહિ તેની જરા દરકાર નહિ.

પુસ્તક એક ભલા મિત્રની ગરજ સારે છે. તે તમારી ઇચ્છાનુસાર સંપૂર્ણ બોધ સહિત તમારા પાસે આવે છે. તમારા શૂન્ય હૃદયત્વથી તેને ક્રોધ થતો નથી. અને કદાચ તમે આનંદના અન્ય વિષયો તરફ તમારૂં ધ્યાન ફેરવો તો તેને ખોટું લાગતું નથી. કંઇપણ બદલાની આશા વગર તે તમારી સેવા કરે છે. તે સ્મરણશક્તિમાં દાખલ થાય છે અને તેની અંદર રહેલું સ્વરૂપ તમારામાં ઓતપ્રેત થાય છે અને તમારી સ્મરણશકિતમાં સર્વત્ર પ્રસરી રહે છે ત્યાંસુધી તે ત્યાં ભમ્યા કરે છે.

હમેશાં ફકત દશ મિનિટ કંઇક સારૂં વાંચવાની ટેવને કેળવો જો તમે સર્વ સારૂંજ વાંચતા હશો તો તેના પરિણામે વીશ વરસમાં કેળવાયલ અને બીન કેળવાયલ મન વચ્ચેનો ભેદ પ્રતીત થશે. સારૂં એટલે નવલકથા, કવિતા, ઇતિહાસ, અને જીવન ચરિત્રોમાંના દુનિયાના સૌથી સરસ ખજાના એવો અર્થ થાય છે. થોડા પણ સારા પુસ્તકો વાંચવાં અને પુખ્ત વિચાર પૂર્વક પસંદ કરેલાં પુસ્તકો વાંચવાં એ વાંચનદ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવાના મૂળ તત્વો છે. જો થોડા પસંદ કરેલા પુસ્તકો વાંચવા હોય તો: બીજાની પસંદગી અને પ્રશંસા પામેલા પુસ્તકો વાંચો. સુવિખ્યાત ગ્રંથકારોએ રચેલા અને ઉચ્ચકોટિના પુસ્તકો વાંચો જાહેર પુસ્તકાલયોમાંથી પણ આવા પુસ્તકો સહેલાઇથી લભ્ય થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો એક ખાસ નિયમ છે કે જે પુસ્તક તમને ન ગમે તે ન વાંચો. બીજાને ગમતું હોય તે તમને કદાચ ન ગમે, માટે જે તરફ તમારૂં વલણ હોય અને તમને પ્રેમ હોય તે વાંચવાનો નિયમ રાખો. સમાન વસ્તુના આકર્ષણના અને સંમેલનના ખાસ નિયમથી સિદ્ધ થાય છે કે જે વસ્તુની શોધમાં તમે છો તે વસ્તુ તમારી શોધકરતી હોય છે. તમને અધમ કોટિના પુસ્તકો વાંચવાનો શોખ હોય તો તેવા પુસ્તકો મેળવવાને તમારે પ્રયાસ કે શ્રમ કરવાની જરૂર નથી. તેવા પુસ્તકો આકર્ષણના નિયમાનુસાર તમારીજ શોધમાં હોય છે.

ખાદ્ય પદાર્થોને માટે બધા મનુષ્યોની રૂચિ એક સરખી હોતી નથી એ અનુભવ સિદ્ધ વાત સહુને સુવિદિત છે. વાંચનને માટે પણ તેમજ છે, જેમ પોતાની પ્રકૃતિને પ્રતિકૂળ પદાર્થ કોઇ ખાતું નથી તેમ પોતાને નિરસ અને શુષ્ક જણાતાં પુસ્તકો વાંચવા કોઇની વૃત્તિ થતી નથી, તેથી કરીને દરેક માણસે પોતે જ પુસ્તકોની પસંદગી કરવી જોઇએ અને જે પુસ્તક તેની શોધમાં હોય છે તે મેળવવું જોઇએ. કોઇ સારો વાંચક થોડાં જ પુસ્તકો પસંદ કરે છે તો કોઇને જેમ બને તેમ ઘણાં પુસ્તકો વાંચવાનું પસંદ હોય છે. અમુક પુસ્તકો અમુક માણસોને માટે સારાં હોય છે તે પરથી એવા નિશ્ચયપર ન આવી શકાય કે તે સર્વત્ર માટે સારાં અને વાંચવા યોગ્ય છે.

તમને પોતાને સ્વતંત્ર વિચાર કરતાં શીખવે અને તમારા પોતામાં અને બીજાઓમાં તમારી શ્રદ્ધા દૃઢીભૂત કરે એવા પુસ્તકો નિરંતર વાંચો. તમારા મિત્રોમાં તમારો વિશ્વાસ ઓછો કરે એવા પુસ્તકોથી સાવચેત રહો. **ચારિત્ર્યનું અને સદ્વિચારોનું બંધારણ કરે એવાં પુસ્તકો જ વાંચો.** તેઓને નષ્ટ કરે તેવાં પુસ્તકોથી અળગા રહો. **જે પુસ્તકો ગૃહની પવિત્રતામાં રહેલી તમારી શ્રદ્ધાને અને ધર્મપરની આસ્થાને ક્ષીણ કરે, જે ધર્મ તરફ હાંસી કરતાં જણાય, જે કર્તવ્યબુદ્ધિને અને નૈતિક ફરજીયાતોને દાબી દે એવાં પુસ્તકોને દૂરથી નમસ્કાર કરો.**

છેવટે એટલું જ કહેવાનું કે જેટલું બને તેટલું વાંચો અને વાંચો. પરંતુ કદાપિ ખરાબ અથવા નિરસ પુસ્તકને સ્પર્શ પણ ન કરો. જીવન અત્યંત ટુંકું છે, સમય અત્યંત કિંમતી છે; માટે ઉત્તમ વિષયોથી ભરપૂર પૂસ્તકોના વાંચનમાં જ તે વ્યતીત કરવાનો દૃઢ સંકલ્પ કરો. इतिशम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી જૈનોની વર્તમાન સ્થિતિ અને કર્તવ્ય.

લેખનાર—જગજીવન માવજીભાઈ કપાસી–ચુડા.

અંગ્રેજ વિદ્વાન બર્કે કહ્યું છે કે "The age of Chivalry is gone. That of sophisters, economists and calculators has succeeded, and the glory of the country is extinguished—વીરત્વનો યુગ વહી ગયો છે. વાક્છલ કરનારાઓ, અર્થ શાસ્ત્રીઓ અને અજમાયશ કરનારાઓનો યુગ આવ્યો છે; અને દેશના ગૌરવનો અંત આવ્યો છે."

મહાશય બર્કનું ઉપરનું કથન આબાદ લાગુ પડે છે. આપણા જૈન સમાજની વર્તમાન સ્થિતિનું અવલોકન કરશું તો આપણને અનિવાર્ય ખેદ થશે. ભગવાન મહાવીરની પૂર્વે અને ત્યાર પછી થઇ ગયલાં અનેક પ્રભાવશાલી આચાર્યો અને જૈન ધર્માનુયાયી રાજાઓના સમયમાં જૈન સમાજની જે ઉન્નત દશા હતી, જૈન પ્રજામાં જે ગૌરવ હતું, જે ધર્માભિમાન હતું, જે કેવળ ધર્મ પ્રત્યેજ નહિ પણ જગત પ્રત્યે ઉચ્ચ લાગણી હતી; તે માંહેનું વર્ત્તમાન સમયમાં જૈન સમાજની અંદર કાંઈ જોવામાં આવતું નથી. પૂર્વના સમયમાં જૈન ધર્મ એ ભારતવર્ષનો મૂખ્ય ધર્મ હતો અને તેના અનુયાયીઓની સંખ્યા પણ કરોડોની હતી. તે સમયનાં જૈનો સામાજીક, રાજકીય અને ધાર્મિક આદિ સર્વ પ્રકારની ઉન્નતિ સાધવામાં અગ્ર ભાગ લેતા હતા અને તેથીજ તેમનું ગૌરવ વધતું હતું. તે સમયે જૈન ધર્મ એ કેવળ વણિકોનો ધર્મ ન હતો પણ અન્ય જાતિના મનુષ્યો પણ જૈનધર્મી હતાં ટુંકામાં કહીએ તો તે સમયમાં જૈન ધર્મની સંપૂર્ણ ઉન્નત દશા હતી. વર્તમાન સમયમાં જૈન ધર્મની મૂખ્યતા રહી નથી અને તેના અનુયાયી સમાજની સંખ્યા પણ માત્ર ચૌદ લાખનીજ રહી છે. તેમ જૈન ધર્મને માનનારા માત્ર વણિકોજ રહ્યા છે અને તેઓ અન્ય હીલચાલોને છોડી માત્ર વ્યાપારમાંજ અહોનીશ જોડાયલાં રહે છે. વર્તમાન સ્થિતિનું અવલોકન કરતાં એમજ માલુમ પડે છે કે દેશના મૂખ્ય ધર્મોમાં જૈન ધર્મ પછાત પડી ગયો છે અને તેનો અનુયાયી સમાજ પણ અધોગતિમાં પડેલો છે.

અમુક રાજ્યને કે અમુક સમાજને સુવ્યવસ્થિત રાખવાને માટે તે સમયનાં તેના અગ્ર પુરૂષો કાયદા ઘડે છે, અને તે પ્રમાણે વર્તવા સર્વને ફરમાન કરે છે. આપણામાં પૂજ્ય તીર્થંકરો ચતુર્વિધ સંઘની જે સ્થાપના કરે છે, તેનું કારણ પણ તેજ છે. અંતીમ તીર્થંકર ભગવાન મહાવીરે પણ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તેઓને આદરવા યોગ્ય નિયમોનું પણ પ્રતિપાદન કરેલું હતું. જ્યાં સુધી એ નિયમો અનુસાર વર્તન ચલાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે, ત્યાંસુધી સમાજની સુવ્યવસ્થા રહે છે અને તેની ઉન્નતિ પણ થતી જાય છે. પરંતુ જ્યારે અનુયાયી વર્ગ પોતાના કર્તવ્યમાં શિથિલ પડી જાય છે. અને સ્થાપિત નિયમ પ્રમાણે વર્તન ચલાવતો નથી; ત્યારે તેની અવનતિ થાય છે. સમાજની ઉન્નતિ કે અવનતિનો આધાર મનુષ્યોના વર્તન ઉપર રહેલો છે. મનુષ્યોના આચારવિચારમાં અધમતા થાય છે, ત્યારે સમાજની અવશ્ય અવનતિ થાય છે. વર્તમાન સમયમાં જૈન સમાજની અવનતિ થયેલી છે એમ આપણે સમજીએ છીએ; તો હવે આપણી અવનતિ થવામાં શું કારણો રહેલા છે, તે તપાસવાની પ્રથમ અગત્ય છે. મહાન પુરૂષોએ જો કોઇ પણ મનુષ્યને, સમાજને કે દેશને પોતાની ઉન્નતિ કરવી હોય તો આત્મનિરીક્ષણ એટલે પોતાનાં દોષ જોવાની અગત્ય બતાવેલી છે; કારણ કે આપણામાં શું શું દોષો રહેલાં છે, એ જ્યાંસુધી આપણા જાણવામાં ન આવે; ત્યાંસુધી આપણે કદિ પણ સુધરી શકવાનાં નથી. આ ઉપરથી જૈન સમાજની વર્તમાન અવસ્થાનું અવલોકન કરવાની ખાસ અગત્ય છે. આપણી વર્તમાન સ્થિતિનું અવલોકન લેખક પોતાની બેઠકમાં ખુરસી ઉપર બેઠાં બેઠાં કરે છે એટલે ભૂલ થવાનો સંભવ છે; તેથી વાંચનાર વિદ્વાન ભાઇઓ તથા બહેનોને વિનતિ કરવામાં આવે છે કે તેઓને જે જે ભૂલ જણાય તે લેખકને લખી જણાવવા કૃપા કરવી.

જૈન સમાજના ચાર અંગો–સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનું અનુક્રમે અવલોકન કરી તેનો વિચાર કરશું. સાધુ અને સાધ્વી વર્ગનું અવલોકન એક ગૃહસ્થાશ્રમી લેખક કરે, એ કેટલાંક ધર્મચુસ્ત મનુષ્યોને રૂચશે નહિ એમ લેખક જાણે છે; છતાં કોઈપણ પ્રકારની અણઘટતી ટીકા કે નિંદા કરવાનો મારો આશય નહિ હોવાથીજ અવલોકન કરવાનું સાહસ કરૂં છું. વર્તમાન સમયમાં કેટલાંક કેળવણી પામેલાં જૈનો, સાધુ અને સાધવી વર્ગને હલકો અને નિરૂપયોગી ગણતાં શીખ્યા છે. કેટલાક સમય પહેલાં મુંબઈમાં જૈનોની એક સભામાં પ્રમુખ થયલા મહાશયે "સાધુઓ માટે ઘણું અણઘતું વાકય બોલી સમાજમાં કેટલોક ખળભળાટ ઉત્પન કર્યો હતો. સાધુઓનું જીવન સંસારી મનુષ્યો કરતાં અતિ ઉચ્ચ હોય છે અને હોવું જોઇએ, એમ છતાં જ્યારે એવા ઉચ્ચ જીવન વિહારી પુરૂષો માટે હલકા શબ્દો અમુક સામાન્ય સંસારી મનુષ્ય વાપરે તો તે વિષે વિચાર કરવાની ધર્મપ્રિય મનુષ્યોને છુટ હોવી જોઇએ. આ દ્રષ્ટિથી સાધુ અને સાધ્વી વર્ગનું અવલોકન કરવામાં આવતું હોવાથી તે સંબંધી કોઈને વાંધો લીધા જેવું જણાશે નહિ. લેખકનું એમ માનવું છે કે સાધુ કે સાધવી વર્ગ કદાચ અમુક અંશે શિથિલ હોય તો પણ એવા શબ્દો તેઓના સંબંધમાં વાપરવા, એ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. પાશ્ચાત્ય વિચારોના આંધળા અનુકરણથી આપણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજમાં એવા ઘણાં મનુષ્યો છે કે જેઓ સાધુ અને સાધ્વી કે જે વાસ્તવિક રીતે પૂજ્ય છે. તેઓની અયોગ્ય નિંદા કરવી એજ એક જૈન સમાજની ઉન્નતિનું બીજ માની બેઠા છે. પ્રાચીન સમયમાં જે મહાન આચાર વિચારવાળા સમર્થ મુનિરાજો હતા, તેમની સાથે અર્વાચીન મુનિરાજોની તૂલના કરવામાં આવે તો આપણને અસંતોષ થાય, એ સ્વાભાવિક છે; પરંતુ તેથી તેઓની અયોગ્ય નિંદા કરવી, તેઓના માટે હલકા શબ્દો વાપરવા, એ કેવળ અધમતા છે, એમ કોઇ પણ મનુષ્ય કબુલ કર્યા શિવાય રહેશે નહિ. આજના ઘણાં કેળવાયેલાં કહેવાતાં મનુષ્યોને સ્વતંત્રતાનો એટલો ઉન્માદ થયો છે કે પોતાના ઉપર ગુરૂ છે, એવું સહન કરી શકતા નથી. સ્વતંત્રતાનો સ્વચ્છંદતા અર્થ કરી વર્ત્તમાન સમયમાં તેનો જે દુરૂપયોગ થાય છે, એ ખરેખર શોચનીય છે. કોઇ પણ મનુષ્ય વ્યાવહારિક કેળવણી ગમે તેટલા ઉચ્ચ પ્રકારની મેળવે પણ ધર્મજ્ઞાન વિના તેનામાં યથાર્થ જ્ઞાન આવતું નથી. ધર્મ એ ઉન્નતિનો મહાન મંત્ર છે. આપણા સમાજની અવનત દશા થવાનું કારણ પણ ધર્મ જ્ઞાનનો અભાવ છે. યથાર્થ ધર્મજ્ઞાનથી અજ્ઞાન મનુષ્યોજ સાધુ અને સાધ્વી વર્ગની નિંદા કરવાનું પસંદ કરે છે. પરંતુ જેઓ ધર્મના જ્ઞાની છે તેઓ તો તેમને સમાજનું અગત્યનું અંગ ગણી તેમની સેવા ભક્તિ કરે છે.

આ ઉપરથી વર્ત્તમાન સમયમાં જેટલા સાધુઓ અને સાધવીઓ છે, તેઓ ઉત્તમ આચાર વિચારવાળાં હશે, એમ કાંઈ સિદ્ધ થતું નથી. અમારે દીલગીરી સાથે કહેવું પડે છે કે હાલમાં સમાજની શી રીતે ઉન્નતિ થાય તથા તે માટે કેવા પ્રયત્નો કાર્યમાં મૂકવા જોઇએ, એવા વિચારો સાધુ વર્ગમાંથી ઘણોજ થોડો ભાગ કરતો હશે. સમાજનું હિત તેઓના હૃદયમાં હશે એમ અમે માનીએ છીએ પણ વર્તમાન સમયને અનુકૂળ પ્રયાસો કરવામાં અને એ રીતે સમાજની ઉન્નતિ કરવામાં સાધુ વર્ગ પછાત છે એમ તો નમ્રતાથી કહ્યા સિવાય ચાલતું નથી. સાધુ મહારાજો અન્યોન્ય વર્ત્તમાન પત્રનો આશરો લઇ કેવી રીતે નિંદા કરે છે, તે આપણે ઘણી વખત સાંભળ્યું છે, વાંચ્યું છે અને જોયું પણ હશે. તેમજ કેટલાક મુનિરાજો પોતાનો પરિવાર વધારવા ગમે તેવા અજ્ઞાન, સરલ અને નિર્દોષ હૃદયીથી યુવકોને ગુપ્ત રીતે નસાડી ચેલા કરે છે. જે અત્યારના જમાનાને માટે અણઘટતું છે. આવાં અજ્ઞ બીનવ્યવહાર કુશળ ધર્મના અંશથી પણ બીન અનુભવી નસાડી મૂકેલા યુવકોને સાધુ કરવાથી તેઓ સંયમ સાચવી શકતા નથી અને કેટલાક એવા ખરાબ પ્રસંગો બને છે કે જેથી જૈન સમાજની વારંવાર અતિ નિંદા થતી સાંભળવામાં આવે છે. જેવા પ્રસંગો આપણા જાણવામાં છે. સાધવી વર્ગમાં પણ આવી દશા વારવાર જોવામાં આવે છે. પૂજ્ય અને વંદ્ય સાધુ સાધવી વર્ગમાં આવા સાહસો જો કરવામાં આવે, વર્તમાન સમયને પણ ઓળખે નહીં, એ અત્યંત શોકજનક વાર્તા છે અને આથીજ સ્વધર્મપ્રિય મનુષ્ય તરીકે લેખકને બહુ દિલગીરી થાય છે.

સાધુ અને સાધવી વર્ગની થોડા ઘણાં અંશે આવી સ્થિતિ છે, એમાંતો સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમને વિચાર સરખો પણ નહિ હોય. અમે જૈનધર્મના ફરમાનને માનીએ છીએ, અમે પરમાત્મા મહાવીર પ્રભુની ભક્તિ કરીએ છીએ, અમે હંમેશાં દેરાસર અને ઉપાશ્રયમાં જઈએ છીએ, અમે લીલોતરી ખાતા નથી, અમે પાણી બહુ ઓછું વાપરીએ છીએ અને અમે મૂનિમહારાજોની સેવા કરીએ છીએ, એમ જો તમે દાવો કરતા હો તો પછી શામાટે તમે તમારૂં વર્તન ઉંચું રાખતા નથી? તમારા ગરીબ બન્ધુઓને કેમ કાંઈ મદદ કરતા નથી? તમે સમજુ, વિદ્વાન અને ધનવાન થઇ અન્યાય અને અધર્મને રસ્તે ચાલતા હો તો ગરીબો કે જેઓને ખાવાને પૂરતું અન્ન પણ મળતું નથી, તેઓ ધનોપાર્જન માટે અન્યાય કરે તો તેમાં શું આશ્ચર્ય? અમને નીડરતાથી લખવા દો કે જૈન સમાજની પડતી પ્રથમ તો આચાર ભ્રષ્ટતાથી થઇ છે. ઘણાં કહેવાતાં શ્રાવકો અને શ્રાવિકાઓનાં વર્તન જોઈ અમને અતીવ શોક થાય છે. શ્રાવકનાં બાર વૃત્તોને એક બાજુ મુકી દઈએ પરંતુ દાન, શીયળ, તપ અને ભાવ એ સામાન્ય ધર્મને પણ આપણે ન પાળી શકીએ તો આપણે શ્રાવક નામને કલંકીત કરીએ છીએ અને આવી રીતે આપણે જૈનધર્મી હોવાનો દાવો કરીએ છીએ તે મહાન મિથ્યાત્ત્વ છે અને ભગવાન મહાવીરના પુત્રો કહેવરાવવાને આપણે કેવળ નાલાયક છીએ.

જૈનો લીલોતરી આદિ વસ્તુઓ ન ખાવામાં ધર્મી હોવાનો જેમ દેખાવ ધારણ કરે છે; પરંતુ દુઃખી નિરાધાર વિધવાઓનું ધન પચાવી પાડવામાં, ગરીબ મનુષ્યોનાં ભારે વ્યાજ વટાવ ખાવામાં, તેઓ ધર્મનો ઢોંગ કરતા નથી. આવાં કેટલાંક પ્રત્યક્ષ કારણોને લઈ શ્રીયુત્ લાલા લજપતરાય જેવા વિદ્વાન પુરૂષ આપણા અહિંસા ધર્મના મંતવ્ય સંબંધી આડે રસ્તે દોરવાઇ જાય, એ સ્વાભાવિક છે. વિના કારણ નિરપરાધી કોઈ પણ જીવોને દુઃખ ન દેવું, એ અહિંસા ધર્મનો વાસ્તવિક અર્થ છે. શારીરિક બળ, સામાજીક હિત અને આત્મ સાધનમાં તેની ઉપયોગિતા છે. નિસત્ત્વ, નિર્માલ્ય અને વીર્યહિન મનુષ્યો આત્મસાધન કરી શકતા નથી. પરંતુ નિર્ભય અને વીર મનુષ્યોજ આત્મસાધન કરી શકે છે. તમે ગમે તેટલા વિદ્વાન હો, કાર્યકુશળ હો અને ઉત્સાહી હો પણ તમારૂં શરીર તન્દુરસ્ત ના હોય તો તમે કાંઇજ કરી શકવાના નથી. જો તમારૂ શરીર સારૂં હશે તોજ તમે દરેક પ્રકારના કાર્યો કરી શકશો. આપણી સર્વમાન્ય કહેવતમાં પણ કહેવાય છે કે "પહેલું સુખ તે જાતે નર્યા." તે અનુસાર જ્યાંસુધી આપણે જાતથી સુખી ના હોઇએ ત્યાંસુધી આપણે બીજા કાર્યો કરી શકીએ નહિં.

આપણે જેમ શારીરિક બળ ગુમાવ્યું છે; તેમજ માનસિક અને આધ્યાત્મિક બળ પણ ગુમાવ્યું છે. આપણે સમાજસેવાનાં, અને ધર્મસેવાના વિગેરેના વિચારોને છોડી દીધાં છે અને માત્ર વ્યાપારી જીવન ગુજારીએ છીએ.

જૈન સમાજમાં કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કજોડાં, મરણના આંધળા ખર્ચો અને રડવા કૂટવાના રીવાજોનું સવિશેષ જોર ચાલી રહેલું છે. કન્યાવિક્રયનો રીવાજ અન્ય જ્ઞાતિઓમાં પણ શરૂ થઈ ગયો છે. પણ જૈન સમાજમાં તેનું જોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં " મોર્ડન રીવ્યુ " નામક અંગ્રેજી માસિક પત્રમાં શ્રીયુત લાલાલજપતરાયે " અહિંસા ધર્મ. સત્ય કે ઘેલછા " એ વિષય ઉપર લેખ લખ્યો હતો અને તેમાં જૈનો અહિંસા ધર્મનો કેવો વિપરીત અર્થ કરી અંધ શ્રદ્ધાથી વળગી રહ્યા છે, તે વિષે સારૂં વર્ણન આપ્યું હતું. પ્રસ્તુત લેખમાં તેમણે લખ્યું હતું કે જૈનો લીલોતરી આદિ ન ખાવામાં બહુ સાવચેત રહે છે પણ વ્યાપારમાં અન્ય મનુષ્યોનાં ગળાં કરવામાં અને ગરીબ વિધવાઓનું ધન ઉચાપત કરવામાં ડરતા નથી. અહિંસા ધર્મનો આ કેવો વિપરીત અર્થ ? વાસ્તવિક રીતે જોઇએ તો જૈનધર્મના સિદ્ધાંતો અને આચારો અન્ય ધર્મોના કરતાં અતિ ઉચ્ચ અને અને આચરણ કરવા લાયક છે; પરંતુ દીલગીરીની વાર્તા છે કે આપણા ધર્મના આચારો અને સિદ્ધાંતો અંધારાંમાં જ પડેલા છે. મોટે ભાગે જૈનેતર પ્રજાને જૈનધર્મ એ શું છે અને તેમાં કેવા ઉચ્ચ પ્રકારનું તત્ત્વજ્ઞાન રહેલું છે, તેની બહુ જ ઓછી ખબર હોય છે. અને તેથી જ વારંવાર જૈનધર્મ સંબંધી તે ખોટા વિચારો દર્શાવે છે.

શ્રાવકવર્ગનું અવલોકન કરતાં કરતાં અમે વિષયાંતર કર્યું છે તે માટે વાંચક બન્ધુઓની ક્ષમા માગી મૂળ વિષય ઉપર આવીએ છીએ. મોટાં શહેરોમાં વસતા શ્રાવક બન્ધુઓ ઘણે ભાગે ધનવાન હોય છે અને તેઓ બાહ્ય રીતે સુખી હોવાનું જણાય છે. તે સિવાય શહેરોમાં વસતા જૈનો અને ગામડામાં વસતા જૈનોની બહુજ દયાજનક સ્થિતિ છે. નિર્વાહને માટે તેઓ અનેક પ્રકારનાં હલકા અને કુડકપટવાળા વ્યાપાર કરે છે અને પોતાનું મુશ્કેલીથી ગુજરાન ચલાવે છે. ધર્મનું જ્ઞાન તેઓને હોતું નથી અને તેથી તેઓ આચાર વિચારમાં પણ શિથિલ હોય છે. કેટલાંક એવા ગરીબ જૈન કુટુંબો છે કે તેમને ખાવાને પૂરૂં ધાન્ય અને પહેરવાંને પૂરાં વસ્ત્રો પણ મળતાં નથી અને તેમની સ્ત્રીઓ મજુરની માફક કામ કરતી હોય છે. ધનવાન કહેવાતા જૈનો મોજશોખમાં, ગાડીઘોડે ફરવામાં અને નાટક તમાશા જોવામાં પોતાનો વખત ઘણે ભાગે વ્યતિત કરતા હોય છે; તેથી ગરીબ જૈન વર્ગની શું સ્થિતિ છે, એ જોવાનું અથવા સાંભળવાનું તેમનાથી બની શકતું નથી. ધનવાન જૈન બન્ધુઓ, તમને તમારા ગરીબ ભાઇઓની લેશમાત્ર પણ દયા આવતી નથી ? તેમની દુઃખી સ્થિતિ જોઈ તમારૂં અંતઃકરણ બળતું નથી ? શામાટે હસો છો ? શા માટે અહંકાર કરો છો ? તમારૂં ધન, તમારો વૈભવ અને તમારૂં સુખ ક્ષણસ્થાયી છે એમ તમે જાણતા છતાં શામાટે તમારા ગરીબ ભાઇઓની સંભાળ રાખતા નથી ? શામાટે તમારા ધનનો, તમારી શક્તિનો અને તમારી લાગવગનો તમારા ગરીબ બન્ધુઓના દુઃખો નિવારણ કરવાને સદુપયોગ કરતા નથી ? દાનધર્મ એ જૈન શાસ્ત્રોમાં મુખ્ય ધર્મ મનાયો છે, તેને તમે જૈનધર્મી થઇ શામાટે ત્યજી દીધો છે ? શ્રાવકનું વર્તન કેટલું ઉચ્ચ, કેટલું પવિત્ર, કેટલું આદર્શ અને કેટલું દયાળુ હોવું જોઇએ, એનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શય નથી; પરંતુ સર્વ એવાંજ છે અને સારાં કોઇ નથી, એમ કહેવાનો આશય નથી જેઓની દોષ બુધ્ધિ હોય તેઓજ સર્વ સ્થળે દોષ જૂએ છે. અમે તો અત્ર સામાન્ય દ્રષ્ટિથી સમાજનું અવલોકન કરતાં હોવાથી ગુણ અને દોષ બંનેને જોશું અને અને તે પ્રમાણે નીડરતાથી લખશું. લેખકની આ સાચી સ્વતંત્રતા અને નિર્ભયતાથી કોઇને ક્ષોભ થાય તો તેઓએ ક્ષમાશીળ થવાની જરૂર છે. સત્ય પણ કટુવચન કહેનારને દાબી દેવાનો આપણા સમાજનો રીવાજ છે તે હવે વધારે વખત પસંદ કરવા લાયક નથી. સમાજના હિતની ખાતર અસત્ય અને અયોગ્ય લખાણ લખનારાઓ ઉપર યોગ્ય રીતે ઇલાજ લેવાની જરૂર છે; પરંતુ જો હુકમી સત્તા વાપરી ગમે તે સત્ય લખનારાઓને પણ દબાવી દેવા યોગ્ય નથી. વર્તમાન સમયમાં ઘણા મુનિમહારાજો સમાજનું શી રીતે હિત થાય એવાં પ્રત્નો કરે છે, એમ લેખકના જાણવામાં છે. લેખકની તેવા પૂજ્ય મુનિરાજો પ્રત્યે વિનંતી છે કે તેઓમાં અંદરોઅંદર જો કાંઈ મતભેદો હોય તો તે સમાજના હિતની ખાતર દૂર કરી એકત્રતાથી કાર્ય કરવું અને ત્યારેજ જૈન સમાજની ઉન્નતિ અતિ વેગથી થશે. મુનિમહારાજો સંસાર ત્યાગી અને ઉપાધિ રહિત હોવાથી તેઓ ઉત્તમ ચારિત્રથી મનુષ્યો ઉપર બહુ સારી છાપ પાડી શકે છે અને તેથી તેઓ જો ધારે તો સમાજનું કલ્યાણ તુરતમાં કરી શકે. આપણા સમાજની પ્રત્યેક નિર્દોષિ હિલચાલમાં મુનિમહારાજો પૂરતો ભાગ લે તો આપણું કલ્યાણ થવામાં પછી શું હરકત હોય ?

હવે આપણે શ્રાવક અને શ્રાવિકા વર્ગના અવલોકન ઉપર આવશું. જૈનોનું નિવાસસ્થાન સમસ્ત ભારત વર્ષમાં છે. ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, પંજાબ, રજપુતાના, બંગાળા, દક્ષિણ, મધ્યપ્રાંત, સર્વ સ્થળે દેશના પ્રત્યેક ભાગમાં જૈનોનો વાસ છે આ ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રાચીન સમયમાં જૈન ધર્મ એ એક દેશનો મૂખ્ય ધર્મ હોવો જોઇએ અને તેના અનુયાયીની સંખ્યા પણ ઘણીજ મોટી હોવી જોઈએ. તેમજ જૈન ધર્મની અને જૈન સમાજની અપૂર્વ જાહોજલાલી દર્શાવનારાં જૂનાં જૈન મંદિરો અત્યારે ઘણે સ્થળેથી ખંડેરો રૂપે નીકળતાં આપણે જોઈએ છીએ; તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે જૈન ધર્મ અને જૈન સમાજની તે વખતે સંપૂર્ણ ઉન્નત દશા હોવી જોઇએ. પાટણ આદિના શાસ્ત્રભંડારો શું સૂચવે છે.? એજ કે જૈનધર્મ પ્રાચીન સમયમાં સર્વોત્કૃષ્ટ હતો. તે સમયના શ્રાવકો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બળશાળી, ઉદાર, ધર્મનિષ્ટ અને રાજ્યકાર્ય કુશળ હતા. વ્યાપારમાં પણ તેઓ અતિ ઉચ્ચ બુદ્ધિના હતા. અને વણિકો સિવાય ઘણા ક્ષત્રિયો અને બ્રાહ્મણો પણ જૈનધર્મને પાળતા હતા. અત્યારે તો માત્ર વણિકોજ જૈનધર્મ પાળનારા રહ્યા છે. તેનું કારણ એજ કે જૈનધર્મના ઉદાર સિદ્ધાંતોના અર્થ અતિ સંકુચિત કરી નાંખ્યા છે અને એવા સિદ્ધાંતોનો પ્રચાર કરવાથી અન્ય કોમ તેનાથી વિમુખ થઇ ગઇ છે. કેટલાક સમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણું છે. અહિંસા પરમો ધર્મના ચુસ્ત હિમાયતી શ્રાવક બન્ધુઓ પોતાની ગરીબ દીકરીઓને પેટનો ખાડો પૂરવા માટે ગમે તેવા વૃદ્ધ વરને અને અયોગ્ય સ્થળે પરણાવી દે છે અરે વેચાણ કરે છે. આપણા શ્રાવક બન્ધુઓના આ અધમ કૃત્યને અમારે શી રીતે જતું કરવું ? જન સમાજનો મોટો ભાગ કન્યાવિક્રય માટે કન્યાનાં માતા પિતાનેજ કેવળ દોષિત ગણે છે. પણ અમારૂં એમ લખવું છે કે કન્યાવિક્રય કરનારા માબાપો કરતાં વધુ પાપના ભાગી કન્યાઓને વેચાણ લેનારા વૃધ્ધોજ છે. કારણ કે વૃદ્ધાવસ્થા છતાં માત્ર ઇન્દ્રિય તૃપ્તિને ખાતર યુવાન બાળાને વેચાતી લેવી એ શું ઓછું અધમ કૃત્ય છે ? આ કારણથી અમે શ્રીમંત વૃધ્ધોનો વધુ દોષ કાઢીએ છીએ કે તેઓ કન્યાના માતા પિતાને લલચાવી તેમની બાળાઓને ઉપાડી જાય છે. ધનની લાલચથી મોટા મુનિવરોના મન ચલાયમાન એ કહેવત છે તો પછી ગરીબ બિચારા ગામડામાં વસતા મનુષ્યો પૈસાના લોભથી કન્યાઓને વેચે તેમાં આશ્ચર્ય શું છે ? તેઓ જો સારી સ્થિતિમાં હોય અને તેમને જીવન નિર્વાહનું દુઃખ ન હોય તો તેઓ કદિ પણ પોતાની વ્હાલી કન્યાઓનું વેચાણ કરે નહિ. ખાવાને અન્ન નહિ મળતું હોય ત્યારે ગરીબ મનુષ્યો બળતા જીગરથી પોતાની કન્યાનું વેચાણ કરવા તૈયાર થાય છે. પરંતુ માત્ર કન્યાવિક્રય કરનારા માબાપોને ગાળો દેવાથી તે અધમ રીવાજ બંધ પડવાનો નથી. તેને માટે શ્રીમંત વર્ગ શા માટે ગરીબ વર્ગની કાળજી રાખતો નથી ? શામાટે તેમની દુઃખી સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી ? અમને આશા છે કે શ્રીમંત મનુષ્યો ગરીબ મનુષ્યોના દુઃખો દૂર કરવામાં પોતાના ધનનો ઉપયોગ કરે તો તેઓ કદિપણ પોતાની કુમળી બાળાઓનું વેચાણ કરશે નહિ.

આપણા સમાજમાંથી બાળલગ્ન ઘણે ભાગે નષ્ટ થયાં છે. પ્રાચીન સમયનો ઈતિહાસ જોઇશું તો સ્પષ્ટ જણાય છે કે તે સમયે સ્ત્રીને સોળ વરસે અને પુરૂષને વીસ વરસે પરણાવવામાં આવતાં હતાં. સમયના પરિવર્તનની સાથે એ રીવાજમાં ફેરફાર થઈ ગયેલો જણાય છે. આજે ઘણે ભાગે બારતેર વરસની બાળા અને ચૌદ-પંદર વરસનો યુવક એ રીતે લગ્ન કરવામાં આવે છે. બાળવયમાં મનુષ્યનું શરીર સંપૂર્ણ પરિપકવ થયેલું હોતું નથી અને એવી કાચીવયમાં જો તેઓનું લગ્ન કરવામાં આવે તો અનેક હાનીકારક પરિણામો આવવાનો સંભવ છે; તેથી બાળલગ્નનો નિષેધ કરવામાં આવે છે. પરંતુ હાલના સમયમાં કેટલીક જ્ઞાતિઓમાં કન્યાને વીસ વરસે અને યુવકને પચીસ વરસે પરણાવવામાં આવે છે, એ અમને હિતકર લાગતું નથી. ઇંગ્લાંડાદિ દેશોમાં બાળલગ્ન થતાં નથી, એના કારણો તપાસીએ તો ઘણાં છે. પ્રથમ તો ત્યાંના દેશો ઋતુએ વિશેષ ઠંડા હોવાથી બાળકોમાં વિકારની ચેષ્ટા ઉદ્દભવતી નથી. વળી તેમનું સમાજ બંધારણ આપણા કરતાં જૂદા પ્રકારનું છે. તેમનામાં યુવક અને યુવતિ સ્વજાતે પત્ની અને પતિ પસંદ કરે છે. જ્યારે આપણામાં તેમ નથી. પ્રથમતો આપણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ ગરમ છે તેથી બાળકોમાં બાળવયથી વિકારી ભાવના જાગૃત થાય છે. વળી આપણા સમાજમાં બાળકોને પરણાવવાનો પ્રશ્ન માતા--પિતાના હાથમાં છે. તેથી યુરોપીઅન લોકોમાં જે મોટી ઉમરે લગ્ન થાય છે, તેમ આપણા લોકોમાં થવું અશક્ય છે. અમારૂં એમ માનવું છે કે મોટી ઉમર થતાં સુધી બાળકો અને બાળિકાઓને અપરિણિત રાખવાં એ યોગ્ય નથી. બાળવય પૂરી થતાં બાળા અને યુવક યુવાવસ્થામાં પ્રવેશે છે ત્યારથી જ તેમના હૃદયમાં પુરૂષ અને સ્ત્રીની ભાવના કુદરતી રીતે જાગૃત થાય છે. આ ભાવના એ એક પ્રકારનો વિકાર છે અને તે વિકારને સારે રસ્તે વાળવામાં ન આવે એટલે કે તેઓનો લગ્ન સંબંધ યોજવામાં ન આવે તો ઘણે ભાગે તેઓનાં મન વ્યભિચારી થઇ જાય છે. આ હકીકત અમે એક સિદ્ધાંત તરીકે લખતાં નથી પરંતુ જનસમાજનું આપણે અવલોકન કરીએ તો આપણને સ્પષ્ટ જણાઈ આવશે કે યુવાવસ્થા થતાં સુધીમાં તેઓના લગ્ન કરવામાં આવેલા ન હોય તો તેઓ ઘણે ભાગે વિકારી જીવન ગાળતાં હોય છે. માતાપિતાનો દાબ હોય ત્યાંસુધી અનિષ્ટ પરિણામો આવતાં નથી પણ તેઓના મન વિકારી થાય છે. કોઇ કહેશે કે પ્રાચીન સમયમાં પુખ્ત ઉમરે લગ્ન કરવામાં આવતાં હતાં તેનું કેમ ? આ શંકા નિરૂપયોગી છે. પ્રાચીન સમયમાં બાળકોને બાળવયથી જ ધર્મનું જ્ઞાન આપવામાં આવતું હતું તેથી તેઓનામાં વિકાર થતો ન હતો. આજે બાળકોને બાળવયથી ધર્મનું જ્ઞાન આપવામાં આવતું નથી તેથી તેઓ મનનો સંયમ રાખી શકતાં નથી. આવાં કારણોને લઇને મોટી વય થતાં સુધી બાળકોને અવિવાહિત રાખવાં એ યોગ્ય નથી. જો આ લેખ બાળલગ્ન સંબંધી હોત તો અમે વધુ વિવેચનમાં ઉતરવાનું પસંદ કરતે; પરંતુ આ લેખ એક સામાન્ય અવલોકન સંબધી હોવાથી વધુ વિવેચન કરવાનું અત્ર અમને ઉચિત લાગતું નથી. આપણાં જૈનસમાજમાં આવા સંયોગોને લઇ ત્રીજો જ માર્ગ ગ્રહણ કરવો જોઇએ. કેવળ બાલ્યાવસ્થામાં લગ્ન કરવાં એ જેમ હાનીકારક છે, તેમ મોટી ઉમર સુધી લગ્ન ન કરવાં એ પણ હાનીકારક છે. માટે તેર કે ચૌદ વર્ષની બાલિકા અને અઢાર કે વીસ વર્ષનો યુવક થાય કે જે સમયે તેઓના મનમાં સંસારના સુખોની લાગણી ઉત્પન્ન થવાનો સંભવ છે તે સમયે તેઓનાં લગ્ન કરવાં, એમ અમારો અભિપ્રાય થાય છે.

ઉપરના દુષ્ટ રીવાજો સિવાય રડવા કુટવાનો અને મરણ પાછળ ખર્ચ કરવાના એ બે રીવાજો પણ આપણા જૈનસમાજમાં વિશેષ છે. આ રીવાજો વિશે આપણી કોન્ફરન્સની બેઠકો વખતે અને લેખકોએ લેખો દ્વારાએ ઘણાં વિવેચનો કરેલાં છે; તેથી અત્રે અમે તે સંબંધમાં વિશેષ વિવેચનમાં ઉતરવાનું પસંદ કરતાં નથી. કેટલોક સમય થયાં વિધવા વિવાહનો પ્રશ્ન ચર્ચાય છે અને તેમાં કેટલાક વિદ્વાનો કેવાં અવળે માર્ગે દોરવાઇ ગયા છે તેનું અવલોકન કરવાનું છે; પરંતુ તેના માટે અમારા વાંચકોએ આવતા અંક સુધી રાહ જોવી પડશે. ( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વડોદરા શ્રીમાન નરેશ સમક્ષ જૈન ધર્મ ઉપર પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે આપેલ ભાષણ.

( ગતાંક ૪ થા ના પૃષ્ટ ૭૬ થી શરૂ. )

## વૈભવાનુસાર વેષ ધારણ કરવા રૂપ તેરમા ગુણનું સ્વરૂપ.

વસ્ત્ર, અલંકાર આદિ ભોગ પદાર્થો, લક્ષ્મી, વય, અવસ્થા, દેશકાળ અને જાતિને અનુસારે અંગીકાર કરવા, કારણ કે અનુચિત વેષ ધારણ કરવાથી હાંસીને પાત્ર થવાય થવાય છે. કહ્યું છે કે:—

अर्थादधिकनेपथ्यो वेषहीनोऽधिके धने ।
अशक्तो वैरकृच्छक्तैर्महद्भिरुपहस्यते ॥ १ ॥

ભાવાર્થ:—લક્ષ્મીથી અધિક વેશ ધારણ કરનાર અને ધનવાન માણસ કૃપણતાથી ફાટેલ તુટેલ વસ્ત્રને ધારણ કરનાર, તેમજ અસમર્થ માણસ સમર્થ પુરૂષોની સાથે વૈરને ધારણ કરનાર, મહંત પુરૂષોના ઉપહાસનું પાત્ર બને છે. ॥ ૧ ॥

માટે સજ્જન પુરૂષોએ ઉચિત વેષને ધારણ કરવો, એજ ઉચિત છે.

## બુદ્ધિના આઠ ગુણ મેળવવા રૂપ ચૌદમા ગુણનું સ્વરૂપ.

તે બુદ્ધિના આઠ ગુણો શાસ્ત્રકાર શ્લોક દ્વારાએ જણાવે છે:—

शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
उहापोहोऽर्थविज्ञानं, तत्वज्ञानं च धीगुणाः ॥ १ ॥

ભાવાર્થ:—મન, વચન અને કાયાના અન્ય વ્યાપારો દૂર કરીને શાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા તે શુશ્રુષા નામનો પ્રથમ ગુણ જાણવો. ॥ ૧ ॥ શાસ્ત્રનું સાંભળવું, તે શ્રવણ નામનો બીજો ગુણ જાણવો. ॥ ૨ ॥ સાંભળેલ શાસ્ત્રના અર્થનું ગ્રહણ કરવું, તે ગ્રહણ નામનો ત્રીજો ગુણ જાણવો. ॥ ૩ ॥ ગ્રહણ કરેલ અર્થને વિસારવો નહીં, અર્થાત્ અહર્નિશ સ્મરણમાં રાખવો, તે ધારણ નામનો ચોથો ગુણ જાણવો. ॥ ૪ ॥ ભણેલા અર્થનું આલંબન અંગીકાર કરીને સરખા પ્રકારના બીજા પદાર્થોને વિષે વ્યાપ્તિ થવાથી અર્થાત્ સાદૃશ્ય પદાર્થ દેખવાથી તેમજ સાંભળવાથી તે પદાર્થમાં વિતર્ક કરવો; જેમકે દૂરથી ધૂમાડાને દેખીને તર્ક કરવો કે, ધૂમાડો છે, માટે અગ્નિ હોવોજ જોઇએ. અથવા ભોજનના સમયમાં ભોજન કરનાર માણસે કહ્યું કે સિંધવને લાવો, ત્યારે વિચાર કરે જે, સિંધવના અર્થ ઘોડો અને લવણ બે છે. પરંતુ ભોજનનો સમય હોવાથી સિંધવનો અર્થ લવણજ થઇ શકે, પણ અશ્વ નહીં, માટે લુણ લાવવું, એવો વિતર્ક કરવો, તેનું નામ વિતર્ક નામનો પાંચમો ગુણ જાણવો. ॥ ૫ ॥ યુક્તિ અને શાસ્ત્રથી વિરૂદ્ધ એવા જીવહિંસા, અસત્ય, ચોરી તથા પરસ્ત્રીગમન આદિ આ લોકમાં તાડન, તર્જન, અપકીર્ત્તિ આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખના અને પરલોકમાં નરકાદિ દુર્ગતિના સાધનભૂત જાણીને તેવા પ્રકારના દુર્ગુણુથી નિવર્ત્તન થવું, તે અપોહ નામનો છઠ્ઠો ગુણ જાણવો. ॥ ૬ ॥ અર્થવિજ્ઞાન એટલે ઉહાપોહ કરવાથી થએલું મોહ, સંદેહ અને વિપર્યાસ રહિત જ્ઞાન તે અર્થવિજ્ઞાન નામનો સાતમો ગુણ જાણવો. ॥ ૭ ॥ તત્વજ્ઞાન એટલે ઉહા, અપોહ અને વિજ્ઞાન આ ત્રણ સાધનો દ્વારાએ આ વસ્તુનું સ્વરૂપ આવા પ્રકારનુંજ છે. એવો નિશ્ચય કરવો, અને તેને અનુસારે વર્તન કરવું. અન્યથા તેનું નામ તત્વજ્ઞાનજ ન કહી શકાય કહ્યું છે કેઃ—

तज्ज्ञामेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणग्रतः स्थातुम् ॥ १ ॥

ભાવાર્થઃ—ગમે તેવો ગાઢ અંધકારનો સમુહ હોય, પરંતુ જે વખતે સહસ્ર કિરણને ધારણ કરતો તેમજ ઝળહળતો સૂર્ય ઉદય પામે, તે વખતે તે રહેવાને સમર્થ નથી, અને કદાપિ રહે તો આ સૂર્ય છે એવું કોઇપણ કહે ? અર્થાત્ નજ કહે. તેની માફક જે આત્માની અંદર જ્ઞાનરૂપી પ્રકાશમાન સૂર્ય ઉદય પામે છતે રાગાદિ ગણ એટલે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભાદિ શત્રુઓ જેમ જ્ઞાનરૂપી સૂર્યના અભાવે અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારમાં પોતાની મરજી આવે તે પ્રમાણે આત્માને કનડગત કરતા હતા, તેમજ આ સંસાર સમુદ્રમાં અથડાવતા હતા, તેવીજ રીતે રખડાવે, તેમજ ગોથાં મરાવે, તો પછી તેનું નામ જ્ઞાનજ ન કહી શકાય, કિંતુ અજ્ઞાનજ કહેવાય, માટે વાસ્તવિકમાં તત્વજ્ઞાન તેનેજ કહી શકાય કે, જે દ્વારાએ આ રાગાદિ રૂપ દુષ્ટ શત્રુઓનો નાશ થઇ શકે. ॥ ૧ ॥ આ તત્વજ્ઞાન નામનો આઠમો ગુણ જાણવો. ॥ ૮ ॥

આ ઉપરોકત બુદ્ધિના આઠ ગુણોનો જે પુરૂષના હૃદયરૂપી કમલમાં વાસ હોય, તેજ પુરૂષ પોતાને પ્રવૃત્તિ કરવા લાયક એવા માર્ગને જાણી શકે, તેમજ અંગીકાર કરી શકે, માટે સજ્જન પુરૂષોએ આ ગુણોની પ્રાપ્તિને માટે યોગ્ય સાધનો જેવાં કે મહાત્માઓનો સમાગમ આદિ મેળવી બનતો પ્રયાસ કરવો, એજ સજ્જન પુરૂષોનું મુખ્ય કર્તવ્ય છે.

# વીતરાગ પ્રણીત પવિત્ર ધર્મ—માર્ગ.

( લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મની નિર્પક્ષપણે અને તેટલી ખંત અને ધીરજથી (શ્રુત, શીલ, દયા અને તપવડે) પરીક્ષા કરી તેનો દ્રઢતાથી સ્વીકાર કરવો કે જેથી તેમાંથી કદાપિ ડગવાનો પ્રસંગ આવે નહિ, પરમતની વાંછા થાય નહિ તેમજ ફળ માટે પણ અધીરજ—આતુરતા થવા પામે નહિ. (વ્યવહાર સમકિત) સત્તા—શક્તિ રૂપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માજ શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મરૂપ છે; અનંત જ્ઞાનાદિક ગુણ સંપદાનો સ્વામી છે. રાગ-દ્વેષાદિક વિભાવ ઉપયોગેજ તે અન્યથા (વિપરીત) જણાય છે. તે રાગાદિક વિભાવનો ત્યાગ કરી નિષ્કષાયતા રૂપ નિજ સ્વભાવ પરિણતિને આદરવાથી એજ આત્મા શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ (વ્યક્તપણે) થઇ રહે છે. તેથી નિજ આત્મતત્વનું યથાર્થ ભાન કરી તેમાં દઢ પ્રતીતિ-વિશ્વાસ રાખી, સમતા-સ્થિરતા રૂપ નિજ સ્વભાવમાં જ રમવું એજ સ્વકર્ત્તવ્ય છે (નિશ્ચય સમકિત). ન્હાના મ્હોટા સહુ જીવોને આત્મ સમાન લેખી સરલ વ્યવહારી થવું. સહુનું હિત ચિન્તવન રૂપ **મૈત્રી**ભાવ, દુઃખીજનોનું દુઃખ દૂર કરવા રૂપ કરૂણાભાવ, સુખીને સદ્દગુણીને દેખી પ્રમુદિત થાવા રૂપ **પ્રમોદ**ભાવ અને અતિ કઠોર પરિણામી જીવ પ્રત્યે **ઉપેક્ષા** ઉદાસીન ભાવ રાખી જિનેશ્વર દેવે કહેલા દયાના સિદ્ધાન્તને યથાશક્તિ સફળ કરવો. ઉક્ત સકળ ભાવનેજ આગળ કરીને બીજાં સત્ય, અસ્તેય (અચૌર્ય) બ્રહ્મચર્ય અને અસંગતાદિક વ્રતોનું પરિપાલન કરવા દઢ લક્ષ રાખવું. પ્રિય અને પથ્ય એવું તથ્ય (સત્ય) જરૂર પ્રસંગે બોલવું. સત્ય પ્રતિજ્ઞાવંત બનવું. ડહાપણભરી પ્રતિજ્ઞા જ કરવી અને તેનો પૂરા તોરથી નિર્વાહ કરવો. કાયર બની કરેલી પ્રતિજ્ઞાનો ભંગ નજ કરવો. તુચ્છ સ્વાર્થની ખાતર સત્યને ખંડવું નહિ, પણ ગમે તે ભોગે સત્યનું મંડનજ કરવું. ક્રોધ, લોભ, ભય કે હાસ્યવશ થઇ અસત્ય બોલવું નહિ. ભવભીરૂ બની સત્યપરાયણજ રહેવું. ન્યાય-નીતિ અને પ્રમાણિકપણાનું ધોરણ મક્કમપણે આદરી કોઇ પણ પ્રકારે પરવંચના કરવી નહિં. પૈસો અગીયારમો પ્રાણ લેખાય છે તે અપહરવાથી સકળ પ્રાણ અપહરવા જેવુ જણાય છે. માલેકની રજા વગર કોઇ પણ ચીજ સ્વેચ્છાએ ભોગવટા માટે લેવી તે પ્રગટ અન્યાય છે. માલેકની રજાથી જરૂરી વસ્તુ લઇ શકાય છે. રાગાદિક પરપરિણતિ તજી સ્વભાવ રમણી બનવું તે નિશ્ચય બ્રહ્મચર્ય અને તે રાગાદિકના કારણરૂપ વિષયસંગ માત્ર વર્જી દેવો તે વ્યવહારથી બ્રહ્મચર્ય કહેવાય છે. વિવેકી ગૃહસ્થો પણ પરસ્રીને માતૃ તુલ્ય લેખે છે, તો પછી સંત-મહાત્મા એવા સુસાધુજનોનું તો કહેવુંજ શું? તેઓ તો વિષયવાસનાને જ ઉન્મૂલન કરવા યત્ન કરે છે. બ્રહ્મચર્યનો પ્રભાવ અચિન્ત્ય છે. કામ-વિષયાભિલાષને જીતી લેનાર દુઃખ માત્રને દૂર કરી શકે છે; અને અંતે સ્વર્ગ અપવર્ગ (મોક્ષ)ને પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્યથી પ્રત્યક્ષ અને પરોક્ષ (પ્રગટ અને અપ્રગટ) અનેક લાભ સંભવે છે. વિજયશેઠ-શેઠાણી, સુદર્શન શેઠ, સીતા, સુભદ્રા, જંબૂ, સ્થૂલભદ્રાદિક તેના ઉત્તમ દૃષ્ટાન્તરૂપ છે, પરિગ્રહ અનર્થનું મૂળ છે. પરિગ્રહ વશ મમતાવડે જીવ ભારે દુઃખ વેઠે છે. લિંગધારીજનો પણ માયામાં લપટાઇ પોતાની પાયમાલી કરી નાંખે છે. તેથી તેમણે કંચન અને કામનીથી સદંતર અળગાજ રહેવું જોઇએ. ગૃહસ્થજનોએ પણ સંતોષવૃત્તિ આદરી ઇચ્છા પ્રમાણ કરવું ઘટે છે. ધન-ધાન્યાદિક નવનિધ બાહ્ય પરિગ્રહ સાથે મિથ્યાત્વ કષાયાદિ ચૌદ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારનો અભ્યંતર પરિગ્રહ તજનાર મહાશયજ ખરેખર સ્થિર અક્ષય એવા મોક્ષ સુખનો અધિકારી થઇ શકે છે. ઇચ્છા પ્રમાણવાળો સંતોષી શ્રાવક ન્યાય દ્રવ્યવડે પવિત્ર શાસનની પ્રભાવના કરી શકે છે. જે મૂળ વ્રત સાથે ઉત્તર વ્રત (ગુણવ્રત અને શિક્ષાવ્રત)ને પણ સુખે સેવી–આરાધી સ્વજન્મની સાર્થકતા કરી શકે છે.

ઇતિશમ્.

# જૈન કોમ

## ઇન્ડીયન સોશીયલ રીફોર્મરે તા–૧૩–૧–૧૮ માં આવેલ જૈન કોમ માટેના વિષયનું
(ભાષાંતર.)

**નોટ—**જૈન કોમમાં મરણની સંખ્યા બીજી કોમોની ગણત્રી સાથે મેળવતાં વધારે આવે છે, તે માટે આરોગ્યતાના નિયમો સાચવી મરણ પ્રમાણ કેમ ઓછું આવે તેને માટે બંધુ **નરોત્તમદાસ ભવાનદાસ શાહે** જે કોમની દાઝ હૃદયમાં ધારણ કરી સતત્ પ્રયાસ ઘણા વખતથી કરે છે તેજ વિષય માટેજ ઇન્ડીયન સોશીયલ રીફોર્મર નામના પેપરમાં આવેલ એક લેખ જૈન કોમ માટે ઘણોજ ઉપયોગી હોવાથી તે લેખ મૂળ ઇંગ્લીશમાં મી. નરોતમદાસ ભવાનદાસે મોકલેલ જેનું ભાષાંતર કરાવી જૈન કોમની જાણ માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. પ્રકાશક.

સામાજીક સુધારણાના ક્ષેત્રમાં કાર્ય કરનારાઓએ જૈન કોમની સ્થિતિ પર ગંભીર વિચાર કરવાની જરૂર છે. છેલ્લાં વસ્તીપત્રકમાં જૈનોની સાડાબાર લાખની વસ્તી આવી હતી. ઇ. ૧૮૯૧ ની સાલથી સંખ્યામાં દિવસે દિવસે અસ્ખલિત ઘટાડો થતો ગયો છે. ઉકત વર્ષ અને ૧૯૦૧ ની વચ્ચેના વર્ષોમાં સાડાપાંચ ટકા કરતાં વિશેષ ઘટાડો થયો છે. વળી ૧૯૧૧ માં છ ટકા ઉપર ઘટાડો થઇ ગયો હતો. આ અસ્ખલિત ઘટાડાના મુખ્ય બે કારણો સૂચવવામાં આવ્યાં છે. પહેલું એ કે ભિન્ન ભિન્ન કારણોને લઇને જેના તેઓ મુખ્ય અંગભૂત છે તે હિંદુ સમાજમાં લુપ્ત–મિશ્ર થવાનું જૈનોમાં પ્રતિદિન વધતું જતું વલણ અને બીજું એ કે પ્લેગ જેવા દુષ્ટ વ્યાધિને લઇને થતું અનહદ નુકશાન. ઘણે દરજ્જે જૈનો શહેરમાં વસનારા લોકો છે. જ્યાં તેઓની વસ્તી ગીચોગીચ હોય છે તેવા અનેક સ્થળો ઉકત ચેપી રોગથી આક્રમિત થયેલા હોય છે. આ કારણોને બાજુએ રાખીએ તો પણ બીજાં કેટલાંક કારણો આ પુરાતની કોમના લોકોની જીંદગી ટુંકી કરવામાં સહાયભૂત થયા છે એમ જણાશે. પોતાના સ્વધર્મીઓમાં મૃત્યુનું પ્રમાણ વધ્યું છે એ વાત તરફ આ શહેરના જૈન અગ્રેસરોનું લક્ષ ખેંચવાને રા. રા. નરોત્તમદાસ ભવાનદાસ શાહ સતત પ્રયાસ કરી રહ્યા છે. આ શહેરમાં આ કોમનું મૃત્યુનું પ્રમાણ ઘણુંજ વધ્યું છે. સામાન્ય મૃત્યુનું પ્રમાણ જુઓ, કે પ્લેગથી થતા મૃત્યુનું પ્રમાણ જુઓ, કે બાળકોમાં થતાં મૃત્યુનું પ્રમાણ જુઓ. બીજા શબ્દોમાં કહીએ તો આ કોમના લોકોને દેશની બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ જાતિ કરતાં "જીવવાની ઇચ્છા" અસાધારણ રીતે ઓછી છે. અસ્વચ્છ ગંદા લત્તાઓમાં માણસોના ગીચોગીચ નિવાસને રા. શાહે મરણ પ્રમાણની વૃદ્ધિનાં મુખ્ય કારણ તરીકે ગણ્યું છે. સ્વચ્છ લત્તાઓમાં યોગ્ય ભાડાથી સુઘડ મકાનો પુરાં પાડવામાં આવે તો આ મરણ પ્રમાણ ઘણું ઘટી જશે એમ અમારૂં નિઃશંક માનવું છે. તેથી રા. શાહના ઉત્સાહ પ્રેરિત સત્કાર્યને જનસમૂહની સહાય અને સહાનુભૂતિ માટે રજુ કરતાં અમને અત્યંત આનંદ ઉપજે છે.

હિંદુઓ અથવા મુસલમાનોમાં જોવામાં આવે છે તે કરતાં જૈનોમાં ગીચ વસ્તી અને અસ્વચ્છતાના સાધારણ કારણો ઘણે ઓછે દરજ્જે જોવામાં આવે છે. ઘણે ભાગે જૈનો વ્યાપારીઓ છે અને પૈસે ટકે સુખી છે. હિંદુ અથવા મુસલમાન કોમો કરતાં જૈન કોમમાં ભણેલાઓનું પ્રમાણ પણ વધારે છે. આ વાત એકલા પુરૂષોને જ લાગે પડે છે. કેળવણી વિષયક આંકડાઓના પત્રકોમાં એક વાત વધારે ચકિત કરે છે, જે એ છે કે એક બાજુએ આરોગ્ય અને દીર્ઘાયુષ્ય વચ્ચેનો નિકટ અને અવિરત સંબંધ અને બીજી બાજુએ સ્ત્રી કેળવણી. પુરૂષ કેળવણીને લોકોના જીવન સાથે દેખીતો કશો વિશિષ્ટ સંબંધ નથી. જૈનોમાં પુરૂષ કેળવણીનું પ્રમાણ ઘણું ઉંચું છે, તેઓની સ્થિતિ પૈસેટકે સુખી છે, અને તેઓ સમાજમાં ઉચ્ચ પદ ભોગવે છે, છતાં દેશમાં તે કોમમાં મરણનું પ્રમાણ મોટું જોવામાં આવે છે તે આશ્ચર્યજનક ઘટના છે. તેટલી જ આશ્ચર્યજનક વાત એ છે કે જે હિંદુ–ખ્રીસ્તીઓ મોટે ભાગે અત્યંજ વર્ગના લોકો હોય છે, અને જેઓ અત્યંત દરિદ્રાવસ્થામાં હોય છે તેઓમાં મરણનું પ્રમાણ આખા હિંદુસ્તાનમાં સૌ કરતાં ઓછું આવે છે. આ અસરકારક ભેદનું મુખ્ય કારણ અને સંતોષકારક સમાધાન એજ છે કે કેળવણીનું પ્રમાણ પુરૂષોમાં જ ઉંચું છે એટલું જ નહિ પણ સ્ત્રીઓમાં પણ તેમજ છે. મી. હૈદરીએ ઑલ ઇન્ડીઆ મોહમેદન એજ્યુકેશનલ કોન્ફરન્સના પ્રમુખપદેથી ઠીક જ કહ્યું છે કે, પુરૂષકેળવણી માત્ર પુરૂષને પોતાને જ લાભકર્તા છે. પરંતુ સ્ત્રીકેળવણીથી તો સમસ્ત કુટુંબની ઉન્નતિ થાય છે. આ શહેરમાં પોતાના ધર્મબંધુઓ વાસ્તે સ્વચ્છ અને હવા પ્રકાશવાળી ચાલીઓ માટેના રા. શાહના પ્રશસ્ય પ્રયાસને અમારી અંતઃકરણપૂર્વક સહાનુભૂતિ આપતાં અમે ખાસ સૂચના કરીએ છીએ કે, જૈનોના અથવા તેવીજ સ્થિતિમાં મુકાયેલ અન્ય કોઇ કોમના લોકોના જીવન ઉચ્ચ બનાવવામાં સ્ત્રી કેળવણી અતિ અગત્યનો પાઠ ભજવે છે. વાસ્તવિક રીતે તો સ્ત્રીઓનેજ દિવસનો વિશેષ ભાગ પોતાનાં અસ્વચ્છ અને ગીચ વસ્તીવાળાં ગૃહોમાં ગાળવાનો હોય છે; પુરૂષો તો આખો દિવસ પોતાના ધંધામાં પ્રવૃત હોય છે અને ઘરમાં ફક્ત રાત્રિનો સમય વ્યતીત કરવા આવે છે. સ્ત્રીઓ કેળવાયલી હોય તો તેઓ આ પ્રકારની વસ્તુસ્થિતિ સહન કરે જ નહિ. કેમકે જે વસ્તુ પ્રાપ્ત કરવાનો તેઓનો નિશ્ચય હોય છે તને તેઓ ઘણું કરીને પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલું કહેવું જોઇએ કે લગ્ન સંબંધી સર્વ દુષ્ટ રિતરિવાજો જૈન કોમમાં વધારે ઉંચા પ્રમાણુમાં પ્રચલિત છે આ આશ્ચર્યકારક વાત નથી. કદાચ એમ પણ હોય કે દેશમાં જૈનોનું એક વખત પ્રાધાન્ય હતું ત્યારે હિંદુ લોકોએ પોતે તેઓ પાસેથી તે ગ્રહણ કર્યા હોય અથવા વારસામાં મેળવ્યા હોય. ધર્મમાં સાધુત્વ અંગીકાર કરવાની વૃત્તિ જૈન અને બૌદ્ધ સત્તાઓનાજ મોટે ભાગે પરિણામરૂપે છે, જૈન અને બૌદ્ધ ધર્મની પહેલાના સમયમાં હિંદુઓ જુદા સ્વભાવના હતા અને પ્રાચીન સમયના ગ્રીક લોકોની માફક તેઓએ જીવનના "પ્રકાશ અને પ્રવૃત્તિ આનંદભેર આવકારથી ગ્રહણ કર્યા હતા. પાશ્ચાત્ય અર્થશાસ્ત્રવેત્તાઓએ અને કહેતાં આશ્ચર્ય થાય છે કે કેટલાક ખ્રીસ્તી ધર્મોપદેશકોએ સાધુત્વને સર્વથા નિંધુ છે. અમે તેઓની સાથે એકમત થતા નથી એક ફ્રેંચ તત્ત્વચિંતકે કહ્યું છે તેમ " જે સાધુ હોય છે તે શરીરે અલમસ્ત હોય છે." અને વિલ્યમ જેમ્સ પ્રત્યેક માણસને હમેશાં ન્યૂનાધિક ઐચ્છિક સાધુત્વ ધાર્મિક કર્ત્તવ્ય તરીકે નહિ પરંતુ નૈતિક ઉત્તેજક તરીકે આચરવાની ભલામણ કરે છે. પણ જેમ અન્ય વિષયોમાં તેમ આ વિષયમાં પણ અતિશય સર્વદા વર્જ્ય છે. ધર્મને એક મહાન સત્યમાંથી અડગ રીતે લીધેલા તાર્કિક અનુમાન તરીકે ગણવું એ જેટલું અનિષ્ટ છે તેટલું સાધુત્વને મિથ્યાધર્મ તરીકે માનવું તે છે. યજ્ઞિય વધ કરનારા લોકોને તેઓના મિથ્યાધર્મમાંથી વિમુખ કરવાને સત્યનાં આવા અસંશય અર્પણની અગત્ય હતી તે કાર્ય પૂર્ણ થયું છે. હવે સમય આવ્યો છે કે જ્યારે મહાન જૈન સુધારકે શારીરિક આરોગ્યની માનસિક સ્વાસ્થ્ય માટે આવશ્યકતા છે એ સત્ય સિદ્ધાંત સમાજને શિખવવાને તૈયાર થવું જોઇએ.

---

## વર્તમાન સમાચાર.

**મુંબઇમાં ગોઘારી વીસાશ્રીમાળી જ્ઞાતિની એક મીટીંગ**—શ્રી મુંબઇમાં ગોઘારી વીસાશ્રીમાળી જૈન સમાજનાં સામાન્ય વર્ગને સસ્તા ભાડાની ઓરડીઓ શેઠ ફીકાભાઇ ફુલચંદના માળાના ત્રસ્ટીઓએ આપવાની જે યથાશકિત મેહેરબાની કરી છે તેને માટે ખુશાલી જાહેર કરવા તા–૧૭–૨–૧૯૧૮ ના રોજ શા. હેમચંદ મોતીચંદના પ્રમુખપણા નીચે મળેલ મીટીંગમાં મી. નરોતમદાસ બી. શાહે એક રીપોર્ટ રજુ કર્યો હતો, જે ઉપરોકત ખુશાલી દર્શાવવા તેમજ તે માટે તે જ્ઞાતિના અન્ય ગૃહસ્થોએ મદદ કરી ફંડ ઉભું કરેલ છે, અને તેને માટે ધારાધોરણ નકી કરી તે મુજબ ઓરડીઓ ભાડે રાખવા સારૂ આવેલ અરજીઓ પ્રસાર કરી તેની વ્યવસ્થા કરવા કમીટી નીમવામાં આવેલ હતી, જેમાં ૧૭ પાસ કરી ૬૮ ની સંખ્યામાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતિના સામાન્ય વર્ગને તે લાભ આપ્યો છે, વિગેરે હકીકત મીટીંગમાં રજુ કરવામાં આવી હતી. આવા મોંઘવારીના વખતમાં અને મુંબઇ જેવા બહોળી પ્રવૃત્તિવાળા શહેરમાં તે જ્ઞાતિના સામાન્ય વર્ગને કાંઇક લાભ મળ્યો છે, પરંતુ હજી પણ વધારે સસ્તા ભાડાથી અને વધારે જ્ઞાતિબંધુઓને લાભ આપવાનો તેમાં ઘણો અવકાશ છે, જેમ આ જ્ઞાતિના લાગણી ધરાવનારા સખ્સોએ પોતાની જ્ઞાતિ માટે કર્યું છે તેમ જૈન કોમની દરેક જ્ઞાતિએ, દરેક, જીલ્લા ઇલાકા કે વિભાગના જૈન બંધુઓએ પોતાની જ્ઞાતિ માટે કરવાની જરૂર છે; અમો તો આગળ વધીને ત્યાંસુધી કહીયે છીયે કે મુંબઇ શહેરમાં સમગ્ર જૈન કોમ તરફથી જ જૈન સમાજના લાભ માટે થવાની જરૂર છે. અને તેમ કરી હજારો જૈન બંધુઓના આર્શિવાદ લેવાની જરૂર છે.

**મુનિમહારાજશ્રીના પગલાની પ્રતિષ્ટા**—કડી પ્રગણાના બોરૂ ગામમાં સ્વર્ગવાસી ગુરૂ મહારાજશ્રી આત્મારામજીના પ્રશિષ્ય મુનીશ્રી માણેકવિજયનું ચોમાસું હતું અને તેજ ચોમાસામાં તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો હતો. તેથી તે પ્રસંગે તેમની યાદગીરી કાયમ રાખવા બોરૂ ગામના જૈન બંધુઓએ દેરી બાંધી તેમાં તેઓશ્રીનાં પગલાંની સ્થાપના કરેલી છે. ને તેની પ્રતિષ્ટા સંવત્ ૧૯૭૪ ના પોષ વદ ૭ ના રોજ કરવામાં આવી હતી. તે પ્રસંગે મુનીમહારાજશ્રી માનવિજયજી તથા વિવેકવિજયજી તથા હિતવિજયજી તથા શૌભાગ્યવિજયજી તથા લલિતવિજયજી આદિ થાણાં દસ પધારેલાં હતાં. ને પ્રતિષ્ટા પ્રસંગે રૂપીયા સવા ચારસેંની તથા મરહુમ મુનીમહારાજના સ્વર્ગવાસ પ્રસંગે પણ રૂપીયા પાંચસેંની ઉપજ થઇ હતી. પ્રતિષ્ટા પ્રસંગ પછી સરવે મુનીમહારાજો વિહાર કરી અમદાવાદ તરફ પધારેલા છે.

## મુંબઇમાંથી મુનિ વિહાર.

પાયધોની શ્રીગોડીજી મહારાજના મંદિરની પાછલના ઉપાશ્રયમાં ચોમાસું રહેલા મુનિમહારાજ **પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજ** શ્રી **મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી** તથા **મુનિરાજશ્રી ચતુરવિજયજી** આદિ માહ સુદી તેરસને શનીવારે વિહાર કરી ભાયખાલે પધાર્યા હતા. શ્રી સંઘનો ઉત્સાહ જો કે મુનિમહારાજના વિહારને લઇ ઉદાસી તો જરૂર હોય પણ ધર્મ રીતિને અનુસરતું કામ હોઈ ઘણો સારો જોવામાં આવતો હતો.

મહારાજશ્રીના વિહાર વખતે લગભગ હજારથી પંદરસો ભાઈ બાઇઓ હાજર હતા. પાયધોનીના મંદિરોની યાત્રા કરતા મહારાજશ્રી ભાયખલે શ્રી આદિનાથ ભગવાનનાં દર્શન કરી ત્યાંના મોટા સ[illegible]ં સાથે આવેલાઓને ઉપદેશ આપવા બીરાજ્યા હતા. હોલ ચીકાર ભરાઇ ગયો હતો. બીજે દિવસે બપોરે મહારાજશ્રી વલ્લભવિજયજીની શ્રી સંઘની વિનતિથી શ્રી **રચેલી પંચતીરથની નવી પૂજા** ઘણા ઠાઠથી ભણ[illegible]વી હતી. પૂજા નવી તેમજ રાગરાગિણીમાં હોવાથી અને ગવૈયા પ્રાણસુખ ભણાવનાર હોવાથી રંગ બહુ સારો જામ્યો હતો. એ હજારથી વધારે ભાઇ બાઇઓએ લાભ લીધો હતો, મહારાશ્રીના મુંબઇના ચોમાસામાં જૈન સમાજને આ વખતે જે લાભ મલ્યો છે તેવો કોઇકજ વખત મલ્યો હશે અને આગલ મલશે કે કેમ તે કહી શકાય નહીં.

મહારાજશ્રી વલ્લભવિજયજીના સદુપદેશથી શ્રી સંઘના તરફથી ચાલતી શ્રી મહાવીર જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાલય સંસ્થાના મકાનને સારૂં લગભગ લાખ ઉપર રકમ ભરાઇ ગઇ છે, જેમાં ખાસ મહેનત જૈન બંધુઓ મોતીચંદભાઈ તથા શેઠ દેવકરણ ભાઇ વગેરે સદગ્રહસ્થોની છે. જો કે આજ સુધી બે લાખથી ઉપર રકમ થઇ જાત પણ સદરહુ સદગ્રહસ્થો અનિવારણીય કારણને લઇ ભાગ લઇ શકયા નથી. તો પણ જ્યારે પાછું કામ હાથમાં લેશે તો આશા છે કે જરૂર બે લાખથી ઉપર રકમ થઇ જશે. એ ઉપરાંત શ્રી પ્રવર્તકજી મહારાજ વકીલ ગંભીર પુરૂષના પુણ્ય પ્રતાપે બહાર ગામના જીર્ણોદ્ધારની ટીપો પણ ઘણી સારી ભરાણી છે. પાટણ જૈન મંડલે પાટણની જૈન બોર-ડીંગને માટે પાટણ સંઘમાંથીજ પોણા લાખની રકમ એકઠી કરી છે. અને એક લાખ ઉપર તે રકમ પણ થવાનો સંભવ છે.

જમાનાને અનુસરી જે વાતની જરૂરત જણાય છે તે આ મુનિ મહારાજો સારી રીતે જાણે છે. બીજા મુનિમહારાજો પણ જો આવી બાબતમાં કેટલુંક લક્ષ આપે તો જૈન સમાજની ઉન્નતિ સત્વર થાય એમાં જરાય શંકા જેવું નથી. મહારાજ સાહેબે દાદર થઇ ઘાટકુપર તરફ વિહાર કર્યો છે. ત્યાંથી પાછા ફરી થોડા દિવસમાં અગાસી તરફ વિહાર કરવાના છે.

## સૌરાષ્ટ દ્વિતિય જૈન સંમેલન અને સ્ત્રી હુન્નર ઉદ્યોગ–પ્રદર્શન.

હાલમાં ચાલતા માસની શુદ ૧૩ ના રોજ વડાલ ગામે પ્રતિષ્ઠા મહોત્સવ હતો તે પ્રસંગે ઉપરનું સંમેલન થયું હતું. આ સંમેલન પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજના પ્રયાસ અને ઉપદેશથી ત્યાં શ્રી સંઘે કરેલ હતું. પ્રતિષ્ઠા જેવા ઉત્તમ પ્રસંગે જૈનોની ઉન્નતિ અર્થે પરસ્પર મેલાપ સાથે આવા સંમેલનો અને પ્રદર્શનો થાય તે ઇચ્છવા યોગ્ય છે. પ્રથમ સંમેલન બે વર્ષ પહેલા વંથલી ગામમાં આવાજ ઉત્તમ પ્રસંગે થયું હતું. અને આ વખતે તેવોજ પ્રસંગ હોવાથી જુદા જુદા વક્તાઓ તરફથી સમાજની ઉન્નતિ અર્થે અનેક ભાષણો થયાં હતાં. સ્ત્રી હુન્નર ઉદ્યોગ પ્રદર્શન એ આ વખતે નવીન અને પ્રથમ પ્રસંગ હોવા છતાં તેમાં પણ અનેક હુન્નર ઉદ્યોગના નમુનાઓ દ્રષ્ટિગોચર થતા હતા. આવા પ્રસંગે આવા મેળાવડાએ કોમ ઉન્નતિનું ખરેખર સારૂં આશાજનક પગલું છે, દરેક ગામ યા શહેરના જૈનબંધુઓએ પ્રતિષ્ઠા જેવા શુભ પ્રસંગોએ આવા સંમેલન કરવાનું આ પગલું આદરણીય છે બીજી હકીકત પેપરોમાં આવી ગયેલ છે. ( મળેલું )

---

**આજના અંક જોડે શ્રાવક ભીમસિંહ માણેક જૈન બુકસેલ-સંનાં હેન્ડબીલ વહેંચવામાં આવેલ છે તે ઉપર વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

मोटुं सूचीपत्र छपाय छे. नानुं सूचीपत्र मोंघवारीना लीधे वधारेला भावो प्रमाणे

# पुस्तकोनुं सूचीपत्र.

**तैयार थाय छे.**
शुद्ध शास्त्रोक्त पद्धतिथी लखायेल सुंदर, सस्ता, मनमोहक पर्युषण तथा दिवालीना गुजराती तेमज मारवाडी भाषाना विविध जातना फेन्सी सचित्र कार्ड कंकोत्रीओ.

## जाहेर खबर

निवृत्तिना पवित्र वखतमां वांचवा माटे पूर्वे थई गएला महान आचार्योना रचेल

**अमृतमय ज्ञाननां पुस्तको.**

**छपाय छे.**
जैनना अपूर्व सर्वोपयोगी ज्योतिष ग्रंथो आरंभ सिद्धि, दिनशुद्धि, लग्नशुद्धिना गुजराती भाषांतर.

वैशाख मासमां तैयार थशे.

| | |
|---|---|
| प्रकरण रत्नाकर भाग १ लो. | ६-४-० |
| प्रकरण रत्नाकर भाग ४ थो | ८-८-० |
| अज्ञानतिमिर भास्कर .... | २-८-० |
| पांडवचरित्र भाषांतर सचित्र | ६-०-० |
| योगशास्त्र भाषांतर .... | ४-०-० |
| सुकृत मुक्तावळी .... | ३-०-० |
| नवतत्व प्रश्नोत्तर .... | २-८-० |
| अढीद्वीप नकशानी हकीकत | २-८-० |
| बारपर्वोनी कथा. .... | २-०-० |
| लघुप्रकरण संग्रह .... | १-८-० |
| नवतत्व प्रकरण अर्थ साथे | १-०-० |
| दंडकलघु संघयणी ,, .... | ०-८-० |
| जीवविचार .... ,, .... | ०-६-० |
| कल्पसुत्र सुबोधिका टीकानुं भाषांतर | ३-०-० |
| कल्पसुत्र मूल बारसो सचित्र | १-८-० |
| चैत्यवंदन चोवीशी संस्कृत | ०-८-० |
| पांत्रीस बोलनो थोकडो .... | ०-२-० |
| देवशीराइ प्रतिक्रमण सूत्र अर्थ साथे | ०-६-० |
| ,, विधियुक्त.... | ०-६-० |
| अचलगच्छ पांचपडीकमणासूत्रमूळ | १-०-० |
| खडतरगच्छ पांचपडीकमणा सूत्र | १-४-० |
| विविधपुजा संग्रह भाग १ लो | २-०-० |
| लघुपूजा संग्रह.... .... | ०-६-० |
| जैनप्रबोध .... ... | ४-०-० |
| सझायमाला... .... | ३-०-० |
| देववंदनमाला.... .... | १-४-० |
| स्वरोदयज्ञान.... .... | ०-६-० |
| लावणी संग्रह.... .... | ०-१२-० |
| भक्तामर स्तोत्र.... .... | ०-१२-० |
| चंदराजानो रास अर्थ साथे | ५-०-० |
| समरादित्य केवलीनो रास | ४-०-० |
| श्रीपाल राजानो रास शास्त्री | ३-०-० |
| सामुद्रिक शास्त्र तथा स्वप्न विचार | १-४-० |
| शकुन शास्त्र .... | ०-८-० |
| अर्हन्नीती .... | १-८-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जैनं कथा रत्न कोष भाग १ लो ३-०-०
" " २ जो २-१२-०
" " ४ थो ३-४-०
" " ८ मो ३-४-०
जंबुस्वामि चरित्र .... ०-१२-०

## रंगबेरंगी तीर्थोना नकशा.

शत्रुंजय तीर्थनो नकशो.... १-८-०
अढी द्वीपनो " ... ०-८-०
जंबु द्वीपनो " .... ०-८-०
समेत शीखरनो " .... ०-८-०
गौतम स्वामीनी छबी .... ०-८-०
ज्ञानबाजीनो नकशो .... ०-८-०
तारंगाजीनो " .... ०-८-०
पावापुरीनो " ... ०-८-०
चंपापुरीनो " .... ०-८-०
केशरीआजी " .... ०-८-०
अष्टापदजीनो " .... ०-८-०
गीरनारजी " .... ०-८-०
आबुजीनो " .... ०-८-०
मणीभद्र तथा पद्मावतीजीनी छबी ०-३-०
शास्त्री कक्काना कागळ .... ०-१-०
दशवैकालिक सूत्र .... १२-८-०
नवपद ओलीनी विधि ०-८-०
हिंगुल प्रकरण.... .... ०-६-०
लालाजी कृत बृहदालोयणा ०-२-०
आनंदघन तथा चिदानंदजी कृत
बहोतेरी पद संग्रह .... ०-८-०
मणीभद्रदेव वगेरेना छंदोनो
संग्रह .... .... ०-६-०
विमलमंत्रीनो रास .... ०-१२-०
मानतुंग मानवंतिनो रास ०-१२-०
अंजनासतीनो रास .... ०-३-०
उपदेश तरंगीणी... .... १-८-०
वैराग्य कल्पलता पुर्वार्ध ३-८-०

पंचप्रतिक्रमण सूत्र अर्थ साथे
तपगच्छी थोडीज नकलो छे. ४-०-०
पंचप्रतिक्रमण सूत्र मूळ .... १-१०-०
देवशीराइ प्रतिक्रमण सूत्र मूळ ०-५-०
नव स्मरण मूलपाठ मोटाअक्षरे ०-५-०
गहुंलि संग्रह .... ... ०-१०-०
आनंदघनजी कृत चोवीशी ०-१२-०
कस्तुरी प्रकरण तथा धर्मसर्व
स्वाधिकार .... ०-१२-०
अभयकुमारनो रास ... ०-८-०
मंगलकलशकुमारनो रास ६-०-०
कयवनाशेठनो रास ०-५-०
जैनकुमार महाकाव्य संभव २-०-०
हरिभद्रसूरि बत्रीस अष्टक २-०-०
दरसन चोवीशी नानी .... ०-६-०
शलोका संग्रह .... ०-६-०
शत्रुंजयतीर्थ रास उद्धारादिक
संग्रह.... .... .... ०-६-०
जैन कथामाला मणको १ लो ०-२-०
विद्यार्थीबन्धु.... .... ०-२-०
पुष्पवति विचार .... ०-२-०
मौन एकादशी तपनी विधि ०-३-०
हंसराज वच्छराजनो रास ०-८-०
महाबळ मलयासुंदरीनो रास १-४-०
जैन कथारत्न कोष भाग ७ मो ३-८-०
प्रतिष्ठा कल्प .... .... ०-१०-०
शत्रुंजय महात्म्य .... २-८-०
वैराग्य उपदेशक विविध पद संग्रह ०-१२-०
देवकी खट पुत्रनो रास ०-२-६
कान्हडकठीआरानो रास ०-२-६
लीलावती महीयारीनो रास ०-२-६

लखो—**श्रावक भीमसिंह माणेक.**
जैन पुस्तक वेचनार तथा प्रसिद्ध करनार
मांडवी शाकगल्ली—मुंबइ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तैयार छे ! तैयार छे !! तैयार छे !!!

दरेक श्रावके पोतानी पासे राखवी ज जोइए.

# श्रावक कर्तव्य तथा विविध स्तवनादि समुच्चय

आ पुस्तक बहार पाडवानो मुख्य उद्देश देरासरोमां दर्शन तथा पूजा निमित्ते थती अनेक आशातनाओ टाळवानो छे अने तेमां प्रातःस्मरणीय स्तोत्र, छंदो, दर्शनविधि, पूजाविधि, चैत्यवंदनो, थोयो, सज्झायो, लावणीउओ, नाटकना रागनां स्तवनो, नवस्मरण, शलोका, सामायिकविधि, पचक्खाणविधि, बार व्रतनी टीप, चौद नियम तथा श्रावकना आचार अने वर्तन विषे सारी समजुती आपवामां आवी छे. दरेक क्रिया हेतुपुरःसर समजाववानो श्रम कर्यो छे. आत्मचिंतवन क्रियाकर्म माटे आ ग्रंथनो संग्रह बहु उपयोगी छे. एकंदर आ पुस्तक प्रत्येक श्रावककुटुंबमां राखवा योग्य छे. पाकी सुंदर कपडाथी बाइडिंग करी ग्रंथने सुशोभित बनाव्यां छे.

गुजराती अक्षरमां कि. १—८—०

शास्त्री अक्षरमां कि. २—०—०

---

| | રૂ. આ. પૈ. |
|---|---|
| ચૌદ સ્વપ્ન રહસ્ય ચરિત્ર .... | ૦—૨—૦ |
| ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧—૨ .... .... ... .... | ૨—૪—૦ |
| સદર પર્વ ૩ થી ૬ .... | ૨—૪—૦ |
| સદર પર્વ ૭ થી ૯ .... | ૩—૦—૦ |
| સદર પર્વ ૧૦ મું. .... | ૧—૮—૦ |
| જૈન રામાયણ .... .... .... | ૧—૪—૦ |
| પુજા સંગ્રહ મોટી. ... .... | ૨—૦—૦ |
| પંચપ્રતિક્રમણ સુત્ર મૂળ મોટા અક્ષરે.... .... .... .... | ૦-૧૨-૦ |
| દેવશીરાઇ મુળ મોટા અક્ષરે.... | ૦—૫—૦ |
| સ્થાનકવાસી સામાયક પ્રતિક્રમણ. | ૦—૪—૦ |
| રામરાસ.... .... .... .... | ૧—૮—૦ |
| ભરતેશ્વર બાહુબલી વૃતિ .... | ૨—૮—૦ |
| વર્ધમાન દેશના ભાષાંતર .... | ૨—૦—૦ |
| શ્રીપાળરાજાનો રાસ .... ... | ૨—૮—૦ |
| સમકિત કૌમુદિ ભાષાંતર .... | ૦—૮—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | રૂ.આ.પા. |
|---|---|
| **નામદાર સરકારે મુંબઇ ઇલાકાની સ્કુલોમાં ઈનામ માટે મંજુર કરેલી.** | |
| વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ. .... | ૦–૨–૦ |

**નવીન પુસ્તક**

**તૈયાર છે તૈયાર છે**

| | રૂ.આ.પા. |
|---|---|
| પીતાનો પુત્ર પ્રત્યે ઉપદેશ. આ પુસ્તકમાં નીતીની સાથે વ્યવહારનો માર્ગ બહુ સુંદર રીતે દર્શાવવામાં આવ્યો છે કી. .... | ૦–૩–૦ |
| અધ્યાત્મ સાર ભાષાંતર. .... | ૨–૦–૦ |
| આનંદઘન પદ રત્નાવળી. .... | ૨–૦–૦ |
| જૈનદ્રષ્ટિએ યોગ. .... .... | ૦–૮–૦ |
| અધ્યાત્મકલ્પદ્રુમ. .... .... | ૧–૪–૦ |
| ચંદ્રકાન્ત ભાગ ૧–૨–૩ દરેક | ૨-૧૨-૦ |
| ભારતલોક કથા ભાગ ૧ થી ૫ દરેક ભાગની.... .... .... | ૧–૪–૦ |

# वांचवालायक पुस्तको.

| | रु. आ. पै. |
|---|---|
| जैन तत्वादर्श हींदी भाषांतर | ५–०–० |
| सदर गुजराती भाषांतर. | ४–०–० |
| सम्यकत मूल बार व्रतनी टीप | १–४–० |
| प्रतीमा शतक भाषांतर. | ०-१२-० |
| तेरापंथी देवगुरु औळखाण. | १–०–० |
| तेरापंथी सामायक पडीक्रमणो | १–४–० |
| वीवीध पुजा संग्रह भाग २ जो | १–०–० |
| सदर भाग ३ जो | १–२–० |
| खडतर गच्छ पुजा संग्रह. | ०-१२-० |
| देवचंदजी कृत चोवीशी. | १–८–० |
| पोषध विधि. .... | ०–४–० |
| जैन स्तोत्र तथा स्तवन संग्रह. | ०–६–० |
| श्रीचंद केवलीनो रास. | २–०–० |
| वीश स्थानकनो रास. | २–०–० |
| धर्मपरीक्षानो रास .... | १–८–० |
| हीतशिक्षानो रास .... | १–०–० |
| नर्मदासुंदरीनो रास.... | ०-१२-० |

| | रु. आ. पा. |
|---|---|
| उपदेश प्रासाद भाग १ लो. | १–८–० |
| सदर भाग २ जो .... | १–८–० |
| सदर भाग ३ जो .... | १–८–० |
| सदर भाग ४ थो .... | २–०–० |
| सदर भाग ५ मो .... | २–०–० |
| जैन संप्रदाय शिक्षा. ... | ३–८–० |
| जैन धर्मसिंदु .... ... | ३–०–० |
| नारकीना चीत्रनी मोटी बुक. | १–०–० |
| नारकीना चीत्रनी नानी बुक. | ०–८–० |
| वर्धमान देशना भाषांतर.... | २–८–० |
| वैराग्य शतक भाषांतर .... | १–४–० |

उपर सिवाय बीजा घणी जातना पुस्तको मळे छे अने तेनुं लिस्ट छपायछे.

**लखो—श्रावक भीमसिंह माणेक**

जैन पुस्तक वेचनार तथा प्रसिद्ध करनार

मांडवी, मुंबई.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशासूत्र सटीक.
२ अनुत्तरोववाईसूत्र सटीक.
३ उपासकदशांग सटीक.
४ नंदिसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

## प्राचीन जैन लेख संग्रह. (प्रथम भाग).

### जैन ऐतिहासिक साहित्य ग्रंथ.

(योजक मुनिराजश्री जिनविजयजी महाराज.)

आ अपूर्व ग्रंथ जैन ऐतिहासिक होइने जैनधर्मनी प्राचीनता उपर पुरेपुरो प्रकाश पाडे छे. आ भारत वर्षमां उडीसा प्रान्तमां कटक पासे भुवनेश्वर नामनुं एक प्रसिद्ध स्थान छे, के ज्यांथी चार पांच माइलथी दूर खंडगिरि–उदयगिरि नामना बे पहाडो छे जेना शिखरो उपर नानी मोटी गुफा छे, जेमां हाथीगुफानो प्रसिद्ध शिलालेख तेमज त्रण नाना लेख अने टीकाओ तथा टीप्पणी सहित आ पुस्तकमां प्रसिद्ध करवामां आवेल छे, आ लेखनी पर टीका–टीप्पणी प्रथम पंडित भगवानजी इंद्रजीए करेली जेनो अनुवाद अने साथे साक्षरवर्य पं. केशवलाल ध्रुवनो लेख पण आ ग्रंथमां साथे आपी योजक महात्माए तेनी सुदरतामां–स्वरुपमां वृद्धि करी छे. उंचा कागळ, सारा टाइप अने सुंदर बाईडींगथी अलंकृत करवामां आवेल छे. किंमत आठ आना पोस्टेज जुदुं. (अमारे त्यांथी मळशे.)

## ઇનામી નિબંધ.

હાલમાં આપણા વર્ગમાં જ્ઞાનપંચમીનો તપ વિશેષ કરવામાં આવે છે તેમાં પણ શ્રાવિકાઓ વિશેષ કરે છે અને તેના પ્રાંત ભાગમાં યથાશક્તિ ઉજમણું ( ઉદ્યાપન ) કરવાની અભિલાષા દરેકને રહે છે તો " હાલના જમાનાને અનુસરીને જ્ઞાનપંચમીનું ઉદ્યાપન કઇ પદ્ધતિએ કરવું જોઇએ કે જેથી **વાસ્તવિક ઉદ્યાપન કહી શકાય** " એ વિષય ઉપર આ માસીકના ૧૬ થી ૨૪ પૃષ્ટ થાય તેવો નિબંધ લખી મોકલનાર પૈકી જેનો પ્રથમ નંબર પસાર થશે તેને મારા તરફથી રૂ. ૨૫) ઇનામ તરીકે આપવામાં આવશે.

નિબંધ તા. ૧૫–૪–૧૮ સુધીમાં શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફ મોકલવો.

**ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલ.**—સાદરા–(મહિકાંઠા).

## આ માસમાં નવા દાખલ થયેલ માનવંતા સભાસદો.

૧ શેઠ પન્નાલાલ ઉમાભાઈ રે. અમદાવાદ. બીજા વર્ગના લાઇફ મેમ્બર.
૨ શેઠ ચુનીલાલ અમરજી રે. રાણુપુર હાલ મુંબઇ. "
૩ સોની ન્યાલચંદ લક્ષ્મીચંદ B. A. L. L. B. સાદરા. પે૦ વ. વા. મેમ્બર.

For Private And Personal Use Only